અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ જૂન ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ વદ ૯ | અંક : ૩૩૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

અરવિંદ કેજરીવાલને કોર્ટમાંથી મળ્યો મોટો ઝટકો । સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશને ૩ દિવસની કસ્ટડી સમાપ્ત

# અરવિંદ કેજરીવાલને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

**મનીષ સિસોદિયા સહિત આમ આગામી પાર્ટીના મોટા નેતાઓ પર કૌભાંડના ગંભીર આરોપો લગાવવામાં આવ્યા**

**કોરોનાનું બહાનું કાઢીને ઉદ્યોગપતિઓ પાસેથી વસૂલવામાં આવેલી ૧૪૪.૩૬ કરોડ રૂપિયાની લાઇસન્સ ફી મનસ્વી રીતે માફ કરવામાં આવી**

**EDએ ૨ નવેમ્બર ૨૦૨૨ના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ અરવિંદ કેજરીવાલને પહેલું સમન્સ મોકલ્યું હતું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલી ઓછી થતી દેખાતી નથી. દિલ્હી લિકર પોલિસી કેસમાં તિહાડ જેલમાં બંધ આમ આદમી પાર્ટીના કન્વીનર કેજરીવાલને સીબીઆઈની વિશેષ અદાલતે ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશનએ દિલ્હીના મુખ્યમંત્રીની ૩ દિવસની સીબીઆઈ કસ્ટડી સમાપ્ત થયા બાદ તેમની ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીની માંગણી કરી હતી. રાઉઝ એવન્યુની વિશેષ સીબીઆઈ કોર્ટે અરવિંદ કેજરીવાલને ૧૨ જુલાઈ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં તિહાડ જેલમાં મોકલી દીધા છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ૨૬ જૂને ધરપકડ કરવામાં આવી હતી. તેમને કોર્ટમાં રજૂ કર્યા બાદ તેમને ત્રણ દિવસની સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. જ્યારે સીબીઆઈએ કેજરીવાલની



ધરપકડ કરી ત્યારે તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તપાસ કરવામાં આવી રહેલી દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કસ્ટડીમાં હતા. દિલ્હીની કેજરીવાલ સરકારે ૧૭ નવેમ્બર ૨૦૨૧ના રોજ આબકારી નીતિ ૨૦૨૧-૨૨ લાગુ કરી હતી. આ નવી નીતિ હેઠળ, રાજધાનીના દારૂના સમગ્ર વ્યવસાયને ખાનગી કંપનીઓને સોંપવામાં આવ્યો હતો. કેજરીવાલ સરકારે દાવો કર્યો હતો કે નવી નીતિથી માફિયા શાસનનો અંત આવશે અને સરકારની આવકમાં પણ વધારો થશે. અગાઉ, દિલ્હીમાં દારૂના વેચાણ માટે બે પ્રકારના લાઈસન્સ આપવામાં આવ્યા હતા - L1 અને L10. જે દુકાનો DDA માન્ય બજારો, સ્થાનિક શોપિંગ સેન્ટરો, જિલ્લા કેન્દ્રો અને સમુદાય કેન્દ્રોમાં હતી તેમને L1 લાયસન્સ આપવામાં આવ્યું હતું. જે દુકાનો મોલમાં આવેલી હતી તેમને L10 લાયસન્સ આપવામાં આવ્યું હતું. નવી દારૂની નીતિને મંજૂરી મળ્યા બાદ દિલ્હીમાં સરકારી દારૂની દુકાનો બંધ કરી દેવામાં આવી હતી. રાજધાનીને ૩૨ ઝોનમાં વહેંચવામાં આવી હતી. દરેક ઝોનમાં ૨૭ દારૂની દુકાનો હતી. દરેક વોર્ડમાં ૨ થી ૩ ફેરિયાઓને દારૂનું વેચાણ કરવાની છૂટ આપવામાં આવી હતી. જો કે, આ નીતિ શરૂઆતથી જ વિવાદોમાં રહી અને આઠ મહિના પછી, આખરે ૨૮ જુલાઈ ૨૦૨૨ ના રોજ, દિલ્હી સરકારે નવી નીતિને રદ કરી. દિલ્હીના તત્કાલિન મુખ્ય સચિવ નરેશ કુમારે ૮ જુલાઈ, ૨૦૨૨ના રોજ કથિત દારૂના કૌભાંડનો પર્દાફાશ કરતો એક રિપોર્ટ જાહેર કર્યો હતો.

NEET પેપર લીક મામલામાં CBI એક્શન મોડમાં

## સીબીઆઈ દ્વારા વધુ એક આરોપીની ધરપકડ કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

NEET UG પેપર લીક મામલે કાર્યવાહી કરતા CBIની ટીમે એક પત્રકારની પણ ધરપકડ કરી છે. હજારીબાગથી પત્રકાર જમાલુદ્દીનની ધરપકડ કરવામાં આવી છે. NEET પેપર લીક મામલે CBIની આ ૫મી ધરપકડ છે. આ પહેલા CBIએ ઓએસિસ સ્કૂલ હજારીબાગના પ્રિન્સિપાલ એહસાન ઉલ હક, વાઈસ પ્રિન્સિપાલ ઈમ્તિયાઝ આલમ, મનીષ અને આશુતોષની ધરપકડ કરી હતી. પત્રકાર જમાલુદ્દીનકથિત રીતે ડો. હક અને આલમની મદદ કરી રહ્યો હતો.

આ મામલે તપાસ દરમિયાન CBIની ટીમે પ્રિન્સિપાલ એહસાન ઉલ હક સાથે બે પત્રકારોનું કનેક્શન પણ ટ્રેક કર્યું હતું. એક પત્રકાર જમાલુદ્દીનની ધરપકડ કરી લેવામાં આવી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે ધરપકડ કરવામાં આવેલ પત્રકાર ઝારખંડના એક હિન્દી દૈનિક અખબાર સાથે સંકળાયેલો છે. સૂત્રોએ જણાવ્યું કે NEET પેપર લીક મામલે કેટલાક બીજા લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે અને ધરપકડ થવાની સંભાવના છે. પત્રકાર અને પ્રિન્સિપાલ વચ્ચે પેપર લીક અને NEET પરીક્ષા દરમિયાન સતત વાતચીત થતી હતી. અહેસાન ઉલ હકની કોલ ડિટેઈલના આધાર પર પત્રકારને CBI દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. CBIનું NEET કેસમાં ગુજરાતમાં ૭ સ્થળો પર સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. CBIએ NEET પેપર લીક કેસની તપાસ સંભાળ્યા બાદ ઝડપી કાર્યવાહી કરી છે. બિહારના ઈકોનોમિક ઓફેન્સ યુનિટ (EOU)એ પોતાની તપાસમાં હજારીબાગની જે ઓએસિસ સ્કૂલ સાથે પેપર લીકના તાર જોડ્યા હતા, તે લીડ પર કામ કરતા CBI સંજીવ મુખિયા ગેંગની સમગ્ર પ્લાનનો પર્દાફાશ કરવામાં વ્યસ્ત છે.

ગુનાખોરી પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવા માટે નિર્ણય

## પહેલી જુલાઈથી મોબાઇલ યુઝર્સ માટે નિયમો બદલાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

આવતા મહિનાની પહેલી તારીખથી મોબાઈલ નંબર સહિત દૂરસંચારના નિયમો બદલાવાના છે. સરકારે છેતરપિંડી જેવા કેસો પર અંકુશ લગાવવા માટે દૂરસંચારના નિયમોમાં સુધારો કરીને તેને કડક બનાવ્યા છે. સુધારેલો કાયદો ૧ જુલાઈ ૨૦૨૪થી અમલમાં આવવાનો છે. આ અંગે સંચાર મંત્રાલયે શુક્રવારે જારી કરેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ટેલિકોમ્યુનિકેશન મોબાઈલ નંબર પોર્ટેબિલિટી (નવમો સુધારો) નિયમન, ૨૦૨૪ ૧ જુલાઈથી લાગુ થવાનું છે. નિવેદન અનુસાર, ભારતીય દૂરસંચાર નિયમનકારી પ્રાધિકરણ એટલે કે ટ્રાઈએ નવો કાયદો ૧૪ માર્ચ ૨૦૨૪ના રોજ જારી કર્યો હતો. હવે તે અમલમાં આવવા જઈ રહ્યો છે. મંત્રાલયનું કહેવું છે કે કાયદામાં કરવામાં આવેલો સુધારો ગુનાખોર તત્વો દ્વારા સિમ સ્વેપ અથવા સિમ રિપ્લેસમેન્ટનો ઉપયોગ કરીને મોબાઈલ નંબર પોર્ટ કરવાના કિસ્સાઓ પર અંકુશ લગાવવા માટે છે. આ સુધારેલા કાયદા હેઠળ એક નવી જોગવાઈ ઉમેરવામાં આવી છે, જે મોબાઈલ નંબર પોર્ટ કરવા માટે માંગવામાં આવતા યુનિક પોર્ટિંગ કોડ એટલે કે યુપીસીને લગતી છે.

મંત્રાલયે જણાવ્યું છે કે નવા કાયદાએ યુનિક પોર્ટિંગ કોડની વિનંતીને નકારવાનો અધિકાર આપ્યો છે. ખાસ કરીને એવી પરિસ્થિતિઓમાં યુનિક પોર્ટિંગ કોડની વિનંતીને નકારી શકાય છે, જેમાં સિમ સ્વેપ અથવા રિપ્લેસ કર્યાના ૭ દિવસની અંદર પોર્ટ કોડની વિનંતી મોકલવામાં આવી હોય. આનો અર્થ એ થયો કે સિમ સ્વેપ અથવા સિમ રિપ્લેસમેન્ટ પછી ઓછામાં ઓછા ૭ દિવસ પસાર થયા પછી જ મોબાઈલ નંબર પોર્ટ કરવું શક્ય બનશે.

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના ચેસાપીકમાં કહ્યું

## 'બિડેન સૌથી ખરાબ રાષ્ટ્રપતિ છે, અમે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવીશું'

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે બપોરે (યુએસ સમય) ચેસાપીકમાં પ્રથમ જાહેર પ્રચાર કર્યો હતો. આ દરમિયાન તેણે જો બિડેન પર જોરદાર નિશાન સાધ્યું. વાસ્તવમાં અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. હાલના રાષ્ટ્રપતિ અને ડેમોક્રેટિક પાટીના ઉમેદવાર જો બિડેન અને રિપબ્લિકન પાટીના ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુકાબલો છે. ગુરુવારે (અમેરિકન સમય) બંને વચ્ચે પ્રથમ રાષ્ટ્રપતિની ચર્ચા થઈ હતી. આ પછી બંને નેતાઓએ જાહેર પ્રચાર કર્યો.ચેસાપીકમાં ટ્રમ્પની રેલી ઐતિહાસિક ગ્રીનબિયર ફાર્મ ખાતે યોજાઈ હતી. અહીં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. સ્થાનિક મીડિયા અનુસાર, લોકોએ પોતાની જગ્યાની પુષ્ટિ કરવા માટે અભિયાનના ૧૫ કલાક પહેલા લાઈનમાં ઉભા રહેવાનું શરૂ કરી દીધું હતું. ટ્રમ્પ 'ગોડ બ્લેસ ધ યુએસએ' ના નારા લગાવતા ચેસાપીકના સ્થળ પર પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ટેક્સ, સ્થળાંતર જેવા મુદ્દાઓ પર બિડેનને ઘેર્યા અને કહ્યું કે તેઓ બળ દ્વારા શાંતિ પુનઃસ્થાપિત કરશે. તે યુક્રેન-રશિયા યુદ્ધનો અંત લાવશે.પોતાના સંબોધનની શરૂઆત કરતા ટ્રમ્પે કહ્યું કે, સમગ્ર અમેરિકામાં બિડેનનું સન્માન કરવામાં આવતું નથી. તેમણે દાવો કર્યો હતો કે બિડેન, પોતાનો ઉલ્લેખ કરીને, રાજકીય વિરોધી પર હુમલો કરવા કાયદા અમલીકરણનો ઉપયોગ કરી રહ્યો હતો. તેમણે કહ્યું કે હાલની ચર્ચા એ નથી કે શું બિડેન ૯૦ મિનિટની ચર્ચામાં ટકી શકશે કે નહીં, પરંતુ શું અમેરિકા માટે બિડેન ફરી એકવાર રાષ્ટ્રપતિ બને તે યોગ્ય છે? આ દેશ બીજા વિશ્વયુદ્ધની સૌથી નજીક આવ્યો છે, અને બિડેન તેમાં અત્યંત અસમર્થ છે

**મોદી સરનેમને લઈને કેસમાં રાહુલ ગાંધીને ફરી કોર્ટમાં હાજર થવું પડશે**

। નવી દિલ્હી, તા.૨૯ ।

મોદી સરનેમને લઈને ટિપ્પણી સાથે જોડાયેલા માનહાનિ કેસમાં લોકસભામાં નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીની મુશ્કેલીઓ વધી ગઈ છે. આ મામલે રાહુલ પર આરોપ નક્કી કરવામાં આવશે. રાંચીની એમપી/એમએલએ કોર્ટે ગત દિવસોમાં આરોપ રચનાના પોઈન્ટ પર સુનાવણી માટે ૬ જુલાઈની તારીખ નક્કી કરી છે.

## લદ્દાખમાં ટેન્ક સાથે નદી પાર કરી રહેલા ૫ જવાનો શહીદ

પુરના કારણે અચાનક પાણી વધતા દુર્ઘટના સર્જાઈ હતી ઘટનાને લઈ રક્ષા મંત્રી રાજનાથ સિંહે દુઃખ વ્યક્ત કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

પૂર્વ લદ્દાખમાં ૫ સૈનિકો શહીદ થયા છે. આ સૈનિકો દૌલાટ બેગ ઓલડી વિસ્તારમાં ટેક્નો સાથે નદી પાર કરી રહ્યાં હતા, ત્યારે અચાનક જ નદીમાં પુરના કારણે પાણીનું સ્તર વધતા સૈનિકોના તણાઈ ગયા હતા. આ વિસ્તાર ચીનની લાઈન ઓફ એકચ્યુઅલ કન્ટ્રોલથી ખૂબ જ નજીક છે. આ દુર્ઘટના અંગે રક્ષા મંત્રી રાજનાથ સિંહે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે આ અંગે સોશિયલ મીડિયા ટ પર લખ્યું છે કે લદ્દાખ ખાતે ટેક્ન લઈને નદી પાર કરવા જઈ રહેલા ૫ જવાનોના મોતના સમાચારથી ખુબ



જ દુઃખ અનુભવું છું. આપણે આ જવાનોએ દેશ માટે વહોરેલી શહીદીને ક્યારેય ભૂલી ન શકીએ. હું આ દુઃખના સમયમાં જવાનોના પરિવાર સાથે છું. આ સિવાય દેશ પણ આવા દુઃખના સમયે તેમની સાથે જ છે. સૈનિકો ન્યોમા-ચુસલે વિસ્તારમાં T-20 ટેન્ક લઈને યુદ્ધ અભ્યાસના ભાગે રૂપે નદી ઓળગી રહ્યાં હતા. જોકે નદીમાં અચાનક જ પાણી વધી જતા, ટેક્ન પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. હાલ સૈનિકોને શોધવા રાહત-બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં એક જવાનની ભાળમળી છે. આ દુર્ઘટના બની ત્યારે ટેક્નમાં ૫ સૈનિકો હાજર હતા. તેમાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર (JCO) અને ૪ જવાન હતા. અધિકારીઓએ ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં એક જવાનની ભાળ મળી છે. જ્યા રે અન્ય ૪ જવાનની શોધખોળ ચાલી રહી છે.

**હરિયાણાના CM નાયબ સૈનીએ પંજાબને મોટો ભાઈ કહ્યો**

। હરિયાણા, તા.૨૯ ।

હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ શુક્રવારે પંજાબને તેમના રાજ્યનો 'મોટો ભાઈ' ગણાવ્યો અને તેને SYL નહેર દ્વારા રાવી અને બિયાસ નદીઓનું પાણી વહેંચવા વિનંતી કરી. અમૃતસરમાં સુવર્ણ મંદિરની મુલાકાત દરમિયાન પત્રકારો સાથે વાતચીત દરમિયાન તેમણે આ સૂચન કર્યું હતું.

વરલક્ષ્મી સરથકુમાર ૨ જુલાઈએ લગ્ન કરશે

## નિકોલાઈ સચદેવા દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદીને મળ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દક્ષિણ અભિનેત્રી વરલક્ષ્મી સરથકુમાર અને તેના મંગેતર ગેલેરીસ્ટ નિકોલાઈ સચદેવા આજે દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદીને મળ્યાં હતાં. અભિનેત્રીએ પીએમ મોદીને તેના લગ્નમાં આવવાનું આમંત્રણ આપ્યું છે. અભિનેત્રી સાથે પિતા સરથકુમાર અને બહેન રાધિકા સરથકુમાર પણ હાજર હતાં. પીએમ મોદી સાથે પોઝ આપતી વખતે વરલક્ષ્મીએ તેના X એકાઉન્ટમાંથી ઘણી તસવીરો શેર કરી છે. વરલક્ષ્મી અને નિકોલસના લગ્નમાં મોટી હસ્તીઓ હાજરી આપી શકે છે. આ પહેલા અભિનેત્રીએ પોતાના લગ્નમાં સામંથા રુથ પ્રભુ, રજનીકાંત, કમલ હાસન અને અનુપમ ખેરને પણ આમંત્રિત કર્યા છે. સાઉથ એક્ટ્રેસ વરલક્ષ્મી સરથકુમારે પીએમ મોદી સાથેની તેમની ખાસ મુલાકાતની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે.



### હેબતપુર ગામમાં પાંચ મેલડી નગર નજીકનો બનાવ

## મધ્ય પ્રદેશની ગેંગે વૃદ્ધના દાગીના ચોરવાનો પ્રયાસ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

હેબતપુર ગામમાં પાંચ મેલડી નગરમાં એક વૃદ્ધ લીમડાના ઝાડ નીચે સૂતા હતા. ત્યારે તેમના વાડાની આસપાસની ઝાડી કૂદીને કેટલાક શખ્સો ઘૂસી ગયા હતા. આ વૃદ્ધે કાનમાંથી પહેરેલી વળીઓ ચોરી કરવાનો પ્રયાસ કરતા જ વૃદ્ધ જાગી ગયા હતા. બૂમાબૂમ થતાં ત્રણ લોકો ફરાર થઈ ગયા હતા જ્યારે એક આરોપી ઝડપાઈ ગયો હતો. બોડકદેવ પોલીસે આ મામલે ગુનો નોંધી મધ્યપ્રદેશના એક આરોપીની ધરપકડ કરી અન્ય આરોપીને શોધવા કામગીરી આદરી છે. હેબતપુર ગામમાં રહેતા નરેશભાઈ ભરવાડ પરિવાર સાથે રહે છે. નરેશભાઈ બુધવારે રાત્રે પરિવાર સાથે સૂતા હતા અને વાડામાં લીમડાના ઝાડ નીચે તેમના પિતા અમરાભાઈ સૂતા હતા. આ સમયે કેટલાક શખ્સો તેમના વાડામાં ઘૂસી ગયા હતા. શખ્સો અમરાભાઈના દાગીના ચોરી કરતા જ તે જાગી ગયા હતા. અમરાભાઈએ બૂમો પાડતા પરિવારજનો દોડી આવ્યા હતા. લોકો એકઠા થઈ જતા ત્રણ શખ્સો કૂદીને નાસી ગયા હતા. નરેશભાઈના ભાઈએ એક શખ્સને ઝડપી પાડ્યો હતો. શંકર મુંડા નામના શખ્સને પકડીને લોકોએ ફટકાર્યો હતો. પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા બોડકદેવ પોલીસ આવી શંકર મુંડાની ધરપકડ કરી હતી. તે મધ્ય પ્રદેશનો છે અને તેની સાથેના શખ્સો પણ એમપીના હોવાનું સામે આવ્યું છે. આ તમામ લોકો ચોરી અને લૂંટના ઈરાદે ઘૂસ્યા હતા. હવે પોલીસે ટીમો બનાવીને અન્ય આરોપીઓને શોધ આદરી છે.

### ફૂડ આઈટમમાંથી જીવાત નીકળવાના કિસ્સા સતત વધી રહ્યા છે

## અમદાવાદમાં ફરી એકવાર જમવામાં વંદો નીકળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદની નામાંકિત અને હાઈ ફાઈ હોટલ્સની ફૂડ આઈટમમાંથી જીવાત નીકળવાના કિસ્સા સતત વધી રહ્યા છે. પીઝા, પાસ્તા, કોલ્ડડ્રિંકસમાંથી જીવાતો નીકળવાના સમાચારો અગાઉ સામે આવ્યા છે. આ શ્રેણીમાં નરોડાની હોટલ પણ જોડાઈ ગઈ છે. આ હોટલના જમવાની થાળીમાં વંદો નીકળતા ચકચાર મચી ગઈ છે. ફૂડ લવર્સમાં આ કિસ્સાઓને લીધે રોષ ફેલાઈ રહ્યો છે. મળતી માહિતી અનુસાર, શહેરની નરોડાની હોટલમાં જમવામાં આવેલા લોકોને કડવો અનુભવ થયો છે. જયારે તેઓએ જમવાનું મંગાવ્યું તો તેમાંથી મરેલો વંદો નીકળ્યો હતો જે બાદ ગ્રાહકે તેનો વીડિયો બનાવ્યો અને તે હાલ વાયરલ થઈ રહ્યો છે.આ પહેલા શહેરના નિકોલ વિસ્તારમાં દેવી ઢોંસા નામની રેસ્ટોરન્ટ આવેલી છે, જ્યાં એક ગ્રાહક તેના પરિવાર સાથે જમવા માટે ગયો હતો. તેમણે ઢોસાનો ઓર્ડર આપ્યો હતો. ઢોસા આપતાં પહેલાં સંભાર અને ચટણી આપવામાં આવી હતી. સંભારના જગમાંથી તેમણે વાટકીમાં જ્યારે સંભાર કાઢ્યો ત્યારે એમાં ઉંદરનું બચ્ચું નીકળ્યું હતું, જેના કારણે તાત્કાલિક તેમણે રેસ્ટોરન્ટમાં હાજર વ્યક્તિને બોલાવી અને બતાવ્યું હતું. ખાણી-પીણીની ચીજવસ્તુઓમાંથી આ રીતે ઉંદરનું બચ્ચું નીકળ્યું હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમને પણ ફરિયાદ કરી હતી.

### નડિયાદ તાલુકાના સુરાશામળ ગરનાળા નજીકની ઘટના

## કૂતરું આડું આવતાં નીચે પટકાતાં બાઇક સવાર દંપતીમાં પતિનું મોત

। (એજન્સી) નડિયાદ, તા.૨૯ ।

નડિયાદ તાલુકાના સુરાશામળ ગરનાળા નજીકથી પસાર થતા એક બાઈક ચાલકે અચાનક રોડ પર કુતરૂ આડુ આવી જતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેથી બાઈક ઝાડ સાથે અથડાતા બાઈક પાછળ બેઠેલ પત્નીને માથાના ભાગે તથા શરીરે વત્તા ઓછા પ્રમાણમા ઈજાઓ પહોંચી હતી. જ્યારે બાઈક ચાલકને પેટના ભાગે ડાબા પગે તથા ખભે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને સારવાર માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ત્યારબાદ નડિયાદમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયારે તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયું હતું. આ બનાવ સંદર્ભે ચકલાસી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર નડિયાદ તાલુકાના સુરાશામળ ખાતે ગીરજાબેન શૈલેષકુમાર વાઘેલા પોતાના પરિવાર સાથે રહે છે. તે ગામમાં છેલ્લા ૩ વર્ષથી આંગણવાડી કાર્યકર તરીકે નોકરી કરે છે. તેઓને સંતાનમાં ૧ દિકરો અને ૧ દિકરી છે તા.૨૩ના રોજ સાંજના છ વાગે પતિ શૈલેષકુમાર સાથે બાઈક નં. જી.જે.૦૭.ઈ.એમ.૬૦૬૩નું લઈ પણસોરા રામદેવપીરના મંદિરે રવિવાર ભરવા ગયા હતા. તેઓ પરત ઘરે આવતા હતા ત્યારે ગરનાળા નજીક શૈલેષે બાઈક પૂરઝડપે હંકારતા હોય અને અચાનક રોડ પર કુતરૂ આડુ આવતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા બાઈક ઝાડ સાથે ધડાકા ભેર અથડાઈ હતી. જેથી બાઈક પર સવાર દંપતિ રોડ પર પટકાતા ગીરજાબેનને માથામાં તેમજ શરીરે કચ્ચર ઈજાઓ પહોંચી હતી. જ્યારે ચાલક શૈલેષને પણ ઈજાઓ થઈ હતી. જેથી ૧૦૮માં સારવાર અર્થે અલીન્દ્રા સીએચસી હોસ્પીટલમાં ખસેડાયો હતો.

### વાસણોની જરૂરિયાત ઉભી થતાં ચોરી થઇ હોવાનું માલુમ પડ્યું

## ડાકોરના ગોડાઉનમાંથી રૂ.૧.૪૮ લાખના વાસણોની ચોરી થઇ

। (એજન્સી) ડાકોર, તા.૨૯ ।

ડાકોર વેરાઈ માતાના મંદીર પાસે આવેલા ગોડાઉનમાંથી અજાણયા ઈસમો રૂ. ૧.૪૮ લાખના વાસણો ચોરીને ફરાર થઈ ગયા હતા. વેપારી દ્વારા હોળી પુનમ નિમિતે મિઠાઈનો ધંધો કરવાનો હોવાથી કટલરીનો વેપાર બંધ કર્યો હતો. પરંતુ ગોડાઉનનો દરવાજો બંધ કર્યો ન હતો. હાલમાં વાસણોની જરૂરિયાત ઉભી થતા ગોડાઉનમાં જતા ચોરી થઈ હોવાનું બહાર આવ્યુ હતુ. કોઈ અજાણ્યા ઈસમો દ્વારા આ ચોરી કરી હોવાથી તેઓએ ડાકોર પોલીસ મથકે ફરિયાદ આપી હતી. જેની તપાસ હાલમાં ચાલી રહી છે. ડાકોર ગોકુલનગર સોસાયટી ખાતે જગદીશભાઈ રણછોડભાઈ પણસારી રહે છે. તેઓ ડાકોર ખાતે આવેલ ઉમરેઠ અર્બન બેંકની સામે વાસણ અને કટલરીનો સામાન વેચવાનો ધંધો કરે છે. તેઓનું ડાકોર વેરાઈ માતાના મંદિર પાસે ગોડાઉન આવેલું છે તા.૨૫ માર્ચના રોજ હોળીનો તહેવાર હોય, ડાકોર ખાતે મેળો ભરાતો હોવાથી વાસણ કટલરીનો વેપાર બંધ કરી મીઠાઈ વેચવાનો ધંધો કરેલ હતો. તા.૨૦ માર્ચના રોજ દુકાનનો સામાન ગોડાઉનમાં શીફટ કરતા હતા. તે દરમ્યાન ગોડાઉનનો દરવાજો ખુલ્લો રાખતા હતા. કાયમી દુકાનમાં ધંધાનો સરસામાન પડેલ હતો. ફાગણી પુનમ પુરી થયા બાદ ગોડાઉનમાં લોખંડ તથા સ્ટીલના સામાનની ચોરી થઈ હોવાનું માલૂમ પડયું હતું.




ગુજરાત માટે આજનો દિવસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિતની ફ્યુચરિસ્ટિક ટેક્નોલોજીની દિશામાં આગળ વધવા માટે ખૂબ મહત્ત્વનો બની રહ્યો. ગુજરાત સરકારે આજે ટેક્નોલોજી ક્ષેત્રની કંપનીઓ અને સંસ્થાનો સાથે ડીપ-ટેક ઈનિશિયેટીવ્સ માટેના વિવિધ MoU અને MoA કર્યા. જે અંતર્ગત, GIFT સિટીમાં AI સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવામાં આવશે. તેમજ બેંકિંગ, ફાઈનાન્સિયલ અને ઈન્સ્યોરન્સ કંપનીઓને ઉપયોગી થાય તેવું AI આધારિત ક્લસ્ટર તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્યના યુવાનોને AI અને IT ક્ષેત્રની તાલીમ માટે મોટા પાયે કેપેસિટી બિલ્ડીંગ ઈનિશિયેટીવ શરૂ કરવામાં આવશે.

## રાજ્યમાં આગામી ૫ દિવસમાં ધોધમાર વરસાદ પડવાની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

આગામી ૫ દિવસમાં ધોધમાર વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. ત્યારે સૌરાષ્ટ્ર, દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડવાણી આગાહી કરી છે.૨૯ જૂને નવસારી અને વલસાડમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે ૩૦ જૂને ગાંધીનગર, ખેડા, અમદાવાદમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. આણંદ, નવસારી અને વલસાડમાં ભારે વરસાદ અને ૦૧ જુલાઈએ વલસાડ, સુરત, નવસારીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. આ સીવાય સાબરકાંઠા, અરવલ્લી અને મહિસાગર માં ભારે વરસાદની આગાહી કરાઈ છે.૦૨ જુલાઈએ નવસારી અને વલસાડમાં ભારે વરસાદ તેમજ રાજ્યના ઉત્તર પૂર્વ ભાગોના વિસ્તારોમાં ભારે વરસાદની પણ આગાહી કરાઈ છે. હવામાન વિભાગે રાજ્યમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે આગાહી દરમિયાન ૫ જિલ્લામાં ઓરેન્જ તેમજ અન્ય જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે .આપને જણાવી દઈએ સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ સુધીમાં રાજ્યના ૧૦૦ તાલુકામાં વરસાદ વરસી ચુક્યો છે, ત્યારે અત્યારે રાજ્યના વિવિધ વિસ્તારમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે.અમદાવાદ શહેરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. વાદળ છાયા વાતાવરણ બાદ થલતેજ, એસજી હાઈવે, પકવાન, ઈસ્કોનમાં વરસાદ વરસ્યો છે. શહેરના અનેક વિસ્તારમાં વરસાદ વરસતા ગરમીના ઉકળાટ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. બોડકદેવ, વસ્ત્રાપુર, એસ.જી. હાઈવે સહીત થલતેજ, શીલજ, બોપલ સેટેલાઈટ, મેમનગર, શાસ્ત્રીનગરમાં વરસાદ વરસ્યો છે.

### કાયદા-નિયમોની ઐસીતૈસી

## છત્રાલમાં બોગસ મેડિકલ એજન્સી, બનાવટી દવાઓની ફેક્ટરી પકડાઇ

### મેડિકલ એજન્સી દ્વારા ગેરકાયદે એલોપેથિક દવાનું વેચાણ થતું હતું : ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ત્રાટક્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

રાજ્યમાં ધાણા, જીરું, મરચા, હળદર, તેલ, શુદ્ધ-વનસ્પતિ ઘી જેવા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ, તૈયાર ખાદ્ય પદાર્થોમાં ગરોળી, દેડકા, ઉંદર ઉપરાંત અન્ય જીવજંતુઓ મળી આવવા જેવી બાબતો રોજિંદી બની રહી છે ત્યારે હવે ગેરકાયદે દવાઓના વેચાણ જેવી બાબતો પણ સામે આવી છે.

ગાંધીનગર સ્થિત કચેરીના નાયબ કમિશનર વાય.જી. દરજી અને અન્ય અધિકારીઓએ છત્રાલ-જીઆઈડીસી ખાતે ગેરકાયદે દવાના સ્ટોર્સ ઈવાઈન બાયોટેક પર દરોડો પાડ્યો હતો. જેમાં આ સ્ટોર્સના માલિક અંકિત પ્રજાપતિ દ્વારા ગેરકાયદે રીતે વગર પરવાને એલોપેથી દવાની એજન્સી ઊભી કરવામાં આવી હતી, કેટલીક દવાઓ તો તેઓ માર્કેટમાંથી ખરીદી કરીને તથા કેટલીક દવાઓના જાતે લેબલો લગાડી બારોબાર દવાનું વેચાણ કરતાં હતા. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યના કમિશનર જણાવ્યું હતું કે, તંત્રની તપાસ દરમિયાન અધિકારીઓએ ૬ દવાઓના નમૂનાઓ ફોર્મ ૧૭ હેઠળ લઈ પૃથ્થકરણ અર્થે ખોરાક અને ઔષધ પ્રયોગશાળા, વડોદરા ખાતે ચકાસણી અર્થે મોકલી આપ્યાં છે. આ વેપારીને ત્યાંથી ૧૭ દવાઓનો આશરે રૂ. ૧૦ લાખનો જથ્થો કાયદેસરની કાર્યવાહી અર્થે તંત્રના અધિકારીઓએ જપ્ત કર્યો છે. આ પેઢી દ્વારા તાજેતરમાં પકડાયેલી સ્પુરીયસ API સપ્લાય કરતી શ્રી હેલ્થકેર નામની ઉત્પાદક પેઢીમાંથી પણ બનાવટી એઝીથ્રોમાઈસીન આશરે ૧૦૦ કિગ્રા જેટલું API ખરીદ કરાઈ હતી અને તેનું હાલોલ સ્થિત આયાન્સ ફોર્મ્યુલેશન્સને વેચાણ કરી દીધી હોવાનું પણ કબૂલ કરાયું હતું. આ એઝીથ્રોમાઈસીન આશરે ૧૦૦ કિગ્રા જથ્થો ગોધરાના અધિકારીઓ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે જપ્ત કરાયો છે.છેલ્લા ૬ માસથી આવી રીતે ગેરકાયદે– વગર લાયસન્સે દવાની એજન્સી ચાલુ કરી દવાઓનું વેચાણ કરતા હોવાનું જાણવા મળતા તંત્રના અધિકારીઓએ તેઓ ક્યાંથી, કેવી રીતે? દવાઓ ખરીદી હતી અને કોને કોને આ દવાઓનું વેચાણ કરાયું હતું? તે અંગે તપાસ હાલ ચાલી રહી છે. આ મેડિકલ એજન્સીની તપાસ દરમ્યાન એવી પણ હકીકત સામે આવી છે કે, તેઓ કોઈપણ જાતના પરવાના વગર ગુણવત્તા વગરની દવાઓનું વેચાણ કરતી હતી.

### ૧૦ ટકા વ્યાજ વસુલવામાં આવતું હતું

## ઊંચા વ્યાજ દરે નાંણાનું ધિરાણ કરતા વ્યાજખોરની ધરપકડ કરાઈ

### વ્યાજખોરોના ત્રાસથી ભોગ બનેલ હોય તેવા લોકો સામે આવી વ્યાજખોરો વિરૂધ્ધ ફરીયાદ સામે ન્યાયની બાહેધરી અને આશ્વાસન આપવામાં આવ્યું હતું

। (એજન્સી) ભરૂચ, તા.૨૯ ।

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરી તરફથી ILLEGAL MONEY- LENDING ACTIVITIES વિરુધ્ધમાં સ્પેશીયલ ડ્રાઇવ યોજવા આદેશ કરાયા છે. ગેરકાયદેસર ઊંચા વ્યાજદરે નાંણા-ધીરધાર અંગે વ્યાજ ખોરોના ત્રાસથી આત્મહત્યાના બનાવ અટકાવવા પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તરફથી વિશેષ કાર્યવાહીના આદેશ કરાયા છે. ભરૂચ શહેર ‘‘એ’’ ડીવી.પો.સ્ટે. ખાતે નાયબ પોલીસ અધિક્ષક સી.કે.પટેલની અધ્યક્ષતામાં પોલીસ ઈન્સપેક્ટર વી.યુ. ગડરીયાએ ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા વ્યાજ ખોરો વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે ઝુંબેશ તથા જાગૃતી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ ઈન્સપેક્ટર SOG, બી ડીવી.પો.સ્ટે., સી ડીવી. પો.સ્ટે. તથા ભરૂચ રૂરલ પો.સ્ટે. નાઓએ હાજરી આપી હતી. આ આધારે વ્યાજખોરો વિરૂધ્ધ જરૂરી કાર્યવાહી કરી અને જે કોઇ વ્યાજખોરોના ત્રાસથી ભોગ બનેલ હોય તેવા લોકો સામે આવી વ્યાજખોરો વિરૂધ્ધ ફરીયાદ સામે ન્યાયની બાહેધરી અને આશ્વાસન આપવામાં આવ્યું હતું. પોલીસ સાથે બેઠક બાદ માલતીબેન રાજેશભાઇ ધોરાવાલા ઉ.વ.૪૫ રહે.ધોળીકુઇ બજાર બરાનપુરા ખત્રીવાડ ભરૂચ નાઓએ આરોપી પ્રફુલભાઇ ઉર્ફે ગણેશ ફરસુભાઇ મુસાવાલા રહે.મ.નં.એ/૫૨૨ બરહાનપુરા ખત્રીવાડ ધોળીકુઇ બજાર ભરૂચ નાઓના વિરૂધ્ધમાં ફરીયાદ આપી હતી કે, તેઓએ ૬૦હજાર રૂપિયા વ્યાજે લીધેલ હોય જે રૂપિયાના માસીક ૧૦% વ્યાજ ચુકવી જે પૈકી રૂપિયા ૪૨૦૦૦ફરીયાદીએ આરોપીને ચુકવી દીધેલ તેમ છતાં બાકી નીકળતા નાંણા માટે બળજબરી પુર્વક માંગણી કરાઈ રહી હતી. આ સાથે ફરિયાદી પૈસા નહી આપે તો ટાંટીયા ભાગી નાખવાની તથા મારી નાખવાની વિગેરે ધમકીઓ આપવામાં આવી હતી. પોતાની પાસે નાણા ધીરધારનો પરવાનો હોવા છતાં સરકારશ્રીએ નક્કી કરેલ વ્યાજ દર કરતા ઉંચુ વ્યાજ લેવામાં આવી રહ્યું હોવાની ફરીયાદ આધારે ભરૂચ શહેર ‘‘એ’’ ડીવી પો.સ્ટે. ગુ.ર.નં-૦૬૧૩/૨૦૨૪ IPC કલમ ૩૮૪,૫૦૪,૫૦૬(૨) તથા નાણા ધીરધાર અધિનીયન કલમ ૪૦, ૪૨(એ) (ડી) (ઇ) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ જે ગુનાના કામે પો.સબ.ઈન્સ. એસ.ટી.દેસાઇ દ્વારા તપાસ કરી પુરાવા આધારીત આરોપીની અટકાયત કરવામાં આવેલ છે. ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસ ઈન્સપેક્ટર વી.યુ.ગડરીયા સાથે પો.સ.ઇ. એસ. ટી.દેસાઇ તથા અ.હે.કો. ભાનુપ્રસાદ, કાનાભાઇ, પ્રગ્નેશભાઇ તથા પો.કો. સરફરાજ, મહિપાલસિંહ, તગ્દીરસિંહ, ધવલસિંહ અને મુકેશભાઈ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## રાજ્યમાં સાત વર્ષમાં પકડાયું એક લાખ કરોડનું બોગસ બિલિંગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં જીએસટીના અમલીકરણને સાત વર્ષ પૂરા થયા છે ત્યારે આ સાત વર્ષમાં અત્યાર સુધીમાં લગભગ એક લાખ કરોડનું બોગસ બિલિંગ પકડાયું છે. આ બોગસ બિલિંગ દ્વારા રાજ્યમાં રૂ. ૧૧,૫૦૦કરોડથી વધુ રકમની કરચોરી કરવામાં આવી છે. આ કરચોરી બોગસ બિલિંગ દ્વારા ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવીને કરવામાં આવી છે. આમ ગુજરાતમાં એકબાજુએ જીએસટીનું અમલીકરણ વધુને વધુ અસરકારક રીતે થઈ રહ્યુ છે. તેની સામે બીજી બાજુ બોગસ બિલિંગ દ્વારા ખોટી રીતે મેળવવામાં આવતી ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ચિંતાનો વિષય બની છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધીના રાજ્યના વ્યાપારી કર વિભાગના ડેટા, આ ચિંતાજનક વલણને દર્શાવે છે. SGST અધિકારીઓએ કરચોરીના મોટા કૌભાંડો પાછળના મુખ્ય સૂત્રધારો સહિત ૧૧૩ વ્યક્તિઓની ધરપકડ કરી છે. અસંખ્ય નિયમો ફેરફારો છતાં, નકલી બિલિંગ કૌભાંડો ચાલુ રહે છે, જેના કારણે નોંધપાત્ર કરચોરી થાય છે અને તિજોરીને નોંધપાત્ર નુકસાન થાય છે.

### ખરાબ પાણીથી પાણીજન્ય રોગચાળો થવાનો ભય

## અમદાવાદમાં પીવાના પાણીમાં પોરા આવતા લોકો ત્રાહિમામ

**અમદાવાદ ખાતે આવેલ અદાણી શાંતિગ્રામના લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ ખાતે આવેલ અદાણી શાંતિગ્રામના લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. કારણ કે, નગર પાલિકાની બેદરકારીના કારણે અહીં દુષિત પાણી નહિ પરંતુ પાણીમાં જીવતા પોરા આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પીવાનું પાણી દુષિત આવતા લોકોમાં પાણીજન્ય બીમારીનો ભય ફેલાયો છે.જણાવી દઈએ કે, શહેરમાં આવેલ અદાણી શાંતિગ્રામની સોસાયટીના લોકોનું કહેવું છે કે ઘણા સમયથી અહિયાં પાણીમાં જીવાત અને પોરા નીકળી રહ્યા છે. જણાવી દઈએ કે, શાંતિગ્રામમાં વિવિધ એપાર્ટમેન્ટમાં હજારો લોકો રહે છે.

કોલેરા, કમળો, ટાઈફોઈડ, ઝાડા-ઊલટી જેવા પાણીજન્ય રોગો દૂષિત પાણી અથવા વાસી ખોરાક ખાવાથી અને ગંદકીથી થાય છે. ગમે તે પાણી પીવાના ઉપયોગમાં લેવું નહીં દૂધ તથા પાણી ઉકાળીને પીવું અને પાણી ક્લોરીનની ટીકડી વડે જંતુમુકત કરીને પીવું. વીસ લિટરના માટલામાં એક ટીકડી વાટીને દ્રાવણ બનાવીને નાંખી નીતયું પાણી લેવું. ક્લોરીનની સુગંધ દૂર કરવા પાણી ઉકાળી નાંખવું, તાજો ગરમ ખોરાક જ ખાવો, વાસી ખોરાક ન ખાવો, સડેલા ફળો કે શાકભાજી ન ખાવા. કોલેરા, ઝાડા-ઊલટી જણાય તો તરત જ ઓ.આર.એસ.નું દ્રાવણ આપવું. અને ઓ.આર.એસ.નું દ્રાવણ ઉપલબ્ધ ન હોય તો ખાંડ-મીઠાનું સરબત ત્વરીત આપવું. વધારે ઝાડા-ઊલટી કે તાવ હોય તો નજીકના કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

## અમદાવાદમાં સોનાની તસ્કરીની નવી જ મોડસ ઓપરેન્ડી પોલીસના ધ્યાને આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં સોનાની તસ્કરીની નવી જ મોડસ ઓપરેન્ડી પોલીસના ધ્યાને આવી છે. અમદાવાદ ટ્રાફિક પોલીસની સતર્કતાથી ગોલ્ડ સ્મગલિંગનો પર્દાફાશ થયો છે. અમદાવાદ ઍરપોર્ટ પાસેથી રાજસ્થાન જતા ત્રણ આરોપીઓની ટ્રાફિક પોલીસની સતર્કતાથી ધરપકડ કરવામાં આવી છે. આ મામલે દુબઈ કનેક્શન સામે આવતા ઓઢવ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ ત્રણ શખ્સો દુબઈથી માટીના સ્વરૂપમાં સોનુ લઈ આવ્યા હોવાની સૌપ્રથમ ઘટના સામે આવી છે. દુબઈથી નક્કર સોનુ લાવવાને બદલે માટીના સ્વરૂપ માં સોનાની દાણચોરી કરતા આ ત્રણ લોકોની પોલીસે ધરપકડ કરી છે. ઓઢવ પોલીસે ધરપકડ કરેલા આ ત્રણ આરોપીઓના નામ શુભમ પેઠીવાલા, મોહમ્મદ ફરાજ અને ગોપાલપુરી ભુવનેશ્વરસિંહ સોઢા છે. આ ત્રણે આરોપીઓ મૂળ રાજસ્થાનના છે, પરંતુ અમદાવાદના સોનીની ચાલી ચાર રસ્તા પાસેથી દિલ્હી પાસિંગની ક્રેટા ગાડી લઈને પસાર થતા હતા. તે વખતે અન્ય રાજ્યની ગાડી હોવાથી ટ્રાફિક પોલીસે વાહન રોકી તપાસ કરતા ગાડીમાંથી ૮૦ લાખ રૂપિયાની કિંમતની સોનાની માટી મળી આવી હતી. પોલીસને શંકા જતાં ત્રણેય લોકોની પૂછપરછ કરવામાં આવી હતી અને ઓઢવ પોલીસને જાણ કરવામાં આવી હતી. ઓઢવ પોલીસે સમગ્ર મામલે ફરિયાદ નોંધી ક્રેટા ગાડી અને સોનું સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.



નવી દિલ્હીમાં કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહએ ઓડિશાના મુખ્ય પ્રધાન શ્રી મોહન ચરણ માઝી અને નાયબ મુખ્ય પ્રધાનો શ્રી કે.વી. સિંહ દેવ અને શ્રીમતી પ્રવતિ પરિદા સાથે મુલાકાત કરી.

### Tinder ગર્લે ડેટ પર બોલાવ્યો

# કાફે માલિકોએ યુવક પાસેથી ૧.૨૫ લાખ રૂપિયા વસૂલ્યા

## ડેટિંગ એપ દ્વારા છેતરપિંડીનું આખું રેકેટ ચાલી રહ્યું હતું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

ડેટિંગ એપ Tinder દ્વારા રાજધાની દિલ્હીમાં એક એવી ગેંગ સામે આવી છે, જેના પર વિશ્વાસ કરવો ખૂબ જ મુશ્કેલ છે. ડેટિંગ એપ દ્વારા કેવી રીતે છેતરપિંડી કરવી તેનું આખું રેકેટ ચાલી રહ્યું હતું. જેમાં રેસ્ટોરન્ટનો માલિક, ત્યાં કામ કરતો મેનેજર અને રેસ્ટોરન્ટનો સ્ટાફ ૨૫ વર્ષની યુવતી સાથે સામેલ હતો. યુવતીનું કામ ડેટિંગ એપ પર શિકાર (યુવકો) શોધવાનું હતું, પછી તેને કોઈ બહાને રેસ્ટોરન્ટની અંદર બોલાવવાનું અને અચાનક રેસ્ટોરન્ટમાંથી ભાગી જવાનું હતું. છોકરી કેફેમાંથી બહાર નીકળી કે તરત જ, મેનેજર સામે બેઠેલા વ્યક્તિને મોટું બિલ આપશે, આ બિલ લાખોમાં હશે. જો સામેની વ્યક્તિએ બિલ ભરવાની ના પાડી તો તેને ધમકી



આપવામાં આવી. તેને રૂમમાં બંધ કરી દેવામાં આવશે અને જ્યાં સુધી તે આખું બિલ ચૂકવી ન દે ત્યાં સુધી તેને બહાર જવા દેવામાં આવશે નહીં. દિલ્હી પોલીસને આ ટોળકી વિશે ત્યારે ખબર પડી જ્યારે ફરિયાદી ૨૪ જૂને દિલ્હીના શકરપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો. ફરિયાદીએ જણાવ્યું કે તેણે ડેટિંગ એપ Tinder પર એક યુવતી સાથે મિત્રતા કરી હતી. યુવતીએ તેને લક્ષ્મી નગરના એક રેસ્ટોરન્ટમાં બોલાવ્યો, જ્યાં તેને બંધક બનાવીને ૧.૨૫ લાખનું બિલ વસૂલ્યું.

### નાસાએ એક મોટું નિવેદન આપ્યું

# એક ગ્રુપ અંતરીક્ષયાનમાં ખામીને કારણે અંતરીક્ષમાં હાલ ફસાયું છે

## અંતરિક્ષયાત્રીઓના પરત ફરવાની કોઈ તારીખ આપી ન હતી, પરંતુ જણાવ્યું હતું કે, તેઓ સુરક્ષિત છે : નાસા

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ |

અમેરિકા દ્વારા સ્પેસ સ્ટેશન પર ખાસ મિશન પર મોકલવામાં આવેલું અંતરિક્ષયાત્રીઓનું એક ગ્રુપ અંતરીક્ષયાનમાં ખામીને કારણે ત્યાં અટવાઈ ગયું છે. ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સનો પણ આ અંતરીક્ષયાત્રીઓમાં સમાવેશ થાય છે. સ્ટારલાઈનર કેપ્સ્યુલમાં ખામી સર્જાયા બાદ સુનિતા વિલિયમ્સની વાપસી માટે કેટલી આશા બાકી છે તે અંગે નાસાએ એક મોટું નિવેદન આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, સ્પેસ એજન્સી નાસાએ કહ્યું કે, તેના બે અંતરીક્ષયાત્રીઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર લાંબા સમય સુધી રોકાશે, કારણ કે તેઓ બોઈંગના નવા સ્પેસ કેપ્સ્યુલમાં તેમની યાત્રા દરમિયાન આવતી સમસ્યાઓનું



સમાધાન કરી રહ્યા છે. નાસાએ શુક્રવારે અંતરિક્ષયાત્રીઓના પરત ફરવાની કોઈ તારીખ આપી ન હતી, પરંતુ જણાવ્યું હતું કે, "તેઓ સુરક્ષિત છે." નાસાના કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ મેનેજર સ્ટીવ સ્ટિચે કહ્યું કે, "અમે પાછા ફરવાની કોઈ ઉતાવળમાં નથી." નાસાના અનુભવી પરીક્ષણ પાઈલટ સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર ૫ જૂને બોઈંગના સ્ટારલાઈનરમાં અંતરિક્ષમાં ફરતી પ્રયોગશાળા માટે રવાના થયા હતા.

### ન્યૂઝ બ્રિફ

## શત્રુઘ્ન સિન્હાને કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરાયા

| (એજન્સી) મુંબઈ, તા.૨૯ |

બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષી સિંહાએ તાજેતરમાં જ તેના બોયફ્રેન્ડ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા છે. લગ્ન બાદ ગ્રાન્ડ રિસેપ્શન પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોલિવુડના મોટા સ્ટાર્સ હાજર રહ્યા હતા. આ વચ્ચે હવે સોનાક્ષીના લગ્નના પાંચ દિવસ બાદ જ તેના પિતા શત્રુઘ્ન સિન્હા હોસ્પિટલમાં ભરતી થયા છે. શત્રુઘ્ન સિન્હાને જોવા માટે દીકરી અને જમાઈ પણ તાત્કાલિક હોસ્પિટલ પહોચ્યાં હતા. જેનો વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. શત્રુઘ્ન સિન્હાને મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં ભર્તી કરાયા છે. શત્રુઘ્ન હોસ્પિટલમાં એડમિટ થયાની માહિતી સોશિયલ મીડિયામાં સામે આવી છે.

## મહિલા ત્રણ બાળકો સાથે જાન લઈને તેના પ્રેમીના ઘરે પહોંચી

| (એજન્સી) રાયપુર, તા.૨૯ |

સોનભદ્ર જિલ્લાના રાયપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ત્રણ બાળકોની પહેલેથી જ પરિણીત માતા શુક્રવારે બેન્ડ-બાજા સાથે જાન લઈને તેના કથિત પ્રેમીના ઘરે પહોંચી હતી અને તેની સાથે લગ્ન કરવાની જીદ કરવા લાગી હતી. પરિણીતાએ જણાવ્યું કે યુવક નવ વર્ષથી તેનું બ્લેકમેલિંગ અને શારીરિક શોષણ કરતો હતો. દુલ્હનના પોશાકમાં સજી ધજીને આવેલી પરણીત મહિલાની સાથે અન્ય લોકો પણ મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. આ ઘટના રાયપુર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં બની હતી. પોલીસે બંને પક્ષોને બોલાવી પોલીસ સ્ટેશનમાં ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો હતો. પરિણીત મહિલાએ જણાવ્યું કે યુવક તેનું લગ્ન કરવાના બહાને શારીરિક શોષણ કરતો હતો.

## કોફિનમાં હવે છેલ્લો ખીલો લગાવવાનો સમય પણ આવી ગયો

| (એજન્સી) રાંચી, તા.૨૯ |

જેલમાંથી બહાર આવ્યાના બીજા જ દિવસે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેને ભારતીય જનતા પાર્ટી પર જોરદાર નિશાન સાધ્યું છે. જેએમએમ નેતા સોરેને શનિવારે ભાજપ પર તેમની વિરુદ્ધ કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે આગામી વિધાનસભા ચૂંટણી બાદ ઝારખંડમાંથી ભાજપનો સફાયો થઈ જશે. તેમના નિવાસસ્થાને જેએમએમ કાર્યકર્તાઓને સંબોધતા, સોરેને કહ્યું કે તેમને જેલમાં નાખવાનું કાવતરું કરનારાઓ સામે બળવો થશે અને ઝારખંડના લોકો ભાજપને છોડશે નહીં. જેએમએમના કાર્યકારી અધ્યક્ષ સોરેને કહ્યું, 'ભાજપના કોફિનમાં છેલ્લો ખીલો લગાવવાનો સમય આવી ગયો છે. આગામી દિવસોમાં ઝારખંડમાંથી ભાજપનો સફાયો થઈ જશે.'

## અયોધ્યામાં વરસાદ બાદ રામપથ પર પડ્યા ગાબડા

| (એજન્સી) અયોધ્યા, તા.૨૯ |

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં તાજેતરમાં જ બનેલા રામપથ પરના રસ્તાઓમાં ઘણી જગ્યાએ ખાડા પડ્યા હતા. તેથી પહેલા જ વરસાદ દરમિયાન પાણી ઠેર-ઠેર ભરાઈ ગયા હતા. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. લાપરવાહી દાખવવા બદલ નાગરિક એજન્સીઓના છ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, ૨૩ જૂન અને ૨૫ જૂને થયેલા વરસાદ બાદ રામપથની સાથે સાથે લગભગ ૧૫ શેરીઓ અને રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. આ ઉપરાંત રસ્તા પરના ઘરોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. આ ૧૪ કિલોમીટર લાંબા રસ્તાના ઘણા ભાગોમાં ખાડા પડી ગયા હતા અને તેમા પાણી ભરાયા હતાં. એક રિપોર્ટ પ્રમાણે યુપી સરકારે છ અધિકારીઓ સામે કાર્યવાહી કરી છે. રાજ્ય સરકાર દ્વારા જે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, માહિતી પ્રમાણે કાર્યકારી ઈજનેર ધ્રુવ અગ્રવાલ અને સહાયક ઈજનેર અનુજ દેશવાલને શુક્રવાર મુખ્ય સચિવ વિનોદ કુમારના આદેશ પર સસ્પેન્ડ કરાયા હતા.

### શાહપુર પોલીસમાં ફરિયાદ નોંધાઈ

# મહારાષ્ટ્રના થાણેમાં ડોક્ટરો પર ઘોર બેદરકારીનો આરોપ

## ૯ વર્ષના બાળકના માતા-પિતાએ ડોક્ટર પર પગના બદલે પ્રાઈવેટ પાર્ટ પર સર્જરી કરવાનો લગાવ્યો આરોપ

| (એજન્સી) થાણે, તા.૨૯ |

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના શાહપુરમાં ૯ વર્ષના છોકરાના માતા-પિતાએ આક્ષેપ કર્યો છે કે સ્થાનિક જિલ્લા હોસ્પિટલના ડૉક્ટરોએ પગની સર્જરી કરવાને બદલે તેમના પુત્રના પ્રાઈવેટ પાર્ટની સર્જરી કરી દીધી છે. તેમણે હોસ્પિટલ અને સ્થાનિક શાહપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ડૉક્ટરોને એક જ દિવસે એક સરખી ઉંમરના ત્રણ દર્દીઓનું એક જ દિવસે ઓપરેશન કરવાનું હતું, જેના કારણે તેમણે આવડી મોટી ભૂલ કરી છે. જો કે, ડૉક્ટરોએ દાવો કર્યો હતો કે પગની સર્જરીની સાથે પ્રાઈવેટ પાર્ટની સર્જરી કરવી પણ જરુરી હતી કેમ કે બાળકને ફીમોસિસ હતો. માતા-પિતાની ફરિયાદ બાદ થાણે સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જને તપાસ શરૂ કરી છે. આ પરિવાર શાહપુરના સરવલી ગામમાં રહે છે. બાળકના પિતા મજૂરી કરીને ઘર ચલાવે છે, જ્યારે માતા ઘરકામ કરે છે. એક અહેવાલ અનુસાર પરિવારે જણાવ્યું કે ગયા મહિને તેના મિત્રો સાથે રમતી વખતે બાળકના પગમાં ઈજા થઈ હતી. બાળકને સારવાર માટે નિયમિત હોસ્પિટલમાં જવું પડતું હતું કારણ કે તેના ઘામાં ચેપ લાગ્યો હતો. આ પછી, પરિવારે બાળકને ૧૫ જૂને હોસ્પિટલમાં દાખલ કર્યો, જ્યાં પરિવારના જણાવ્યા અનુસાર, સ્વપ્રિલ નામના ડૉક્ટરે તેનું ઓપરેશન કર્યું હતું. બાળકની માતાએ કહ્યું, "જ્યારે ડૉક્ટર મારા પુત્રને ઓપરેશન થિયેટરમાંથી બહાર લાવ્યા, ત્યારે મારા પુત્રએ મને કહ્યું કે ડૉક્ટરે તેના પગને બદલે તેના પ્રાઈવેટ પાર્ટનું ઓપરેશન કર્યું છે. જ્યારે મેં ડૉક્ટરને આ વિશે પૂછ્યું, ત્યારે તે ઝડપથી બાળકને ઓપરેશન થિયેટરમાં પાછો લઈ ગયા અને તરત જ તેના પગનું ઓપરેશન કરી દીધું." પરિવારજનોએ જ્યારે ડૉક્ટરને પૂછ્યું તો તેમણે કહ્યું કે બાળક ઠીક થઈ જશે. ત્યાર પછી પરિવાર બાળકને ત્યાં સુધી ઘરે લઈ જવાની ના પાડી દીધી જ્યાં સુધી હોસ્પિટલ તરફથી લેખિતમાં બાળકને કંઈ નહીં થાય એવું લખાણ ન આપે. ત્યાર બાદ પરિવારે ફરિયાદ નોંધાવી હતી. પરિવારની ફરિયાદ બાદ શહેરના કાર્યકરોએ આ મુદ્દો ઉઠાવ્યો છે અને ઓપરેશનમાં કથિત ગેરરીતિ માટે જવાબદાર તબીબ સામે પગલાં લેવાની માંગ કરી છે. શાહપુરની જિલ્લા આરોગ્ય હોસ્પિટલના અધિકારી ગજેન્દ્ર પવારે જણાવ્યું હતું કે, પગની ઈજા ઉપરાંત, બાળકને ફીમોસિસ પણ હતો.






નવી દિલ્હીમાં NDRF દ્વારા પૂર્ણ કરાયેલ પર્વતારોહણ અભિયાન 'વિજય'ના ફ્લેગ-ઇન સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતાં.

### પોલીસે બાળકોને શોધીને માતા-પિતાને પરત કર્યા

# માતા-પિતાની બેદરકારીને કારણે બાળકોનું કાર સહિત જ અપહરણ

## પોલીસે ત્રણ કલાકમાં અપહરણ કરાયેલા બાળકોને શોધીને માતા-પિતાને પરત કર્યા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

દિલ્હી પોલીસે માત્ર ત્રણ કલાકમાં અપહરણનો અનોખો કેસ ઉકેલી નાખ્યો છે, જેમાં માતા-પિતાની બેદરકારીને કારણે બાળકોનું કાર સહિત અપહરણ થઈ ગયું હતું. હકીકતમાં, ફરીદાબાદનો એક પરિવાર દિલ્હી ફરવા આવ્યો હતો. જ્યારે પરિવારની ૧૧ વર્ષની પુત્રીએ મીઠાઈ ખાવાની જીદ કરી ત્યારે પિતાએ કાર ફેરવી અને સીધા લક્ષ્મીનગરમાં આવેલી હીરા સ્વીટ્સ પાસે ગયા. પિતા મીઠાઈ ખરીદવા મીઠાઈની દુકાને પત્નીી-બાળકોને કારમાં બેસાડીને ચાલ્યા ગયા. આ પછી બાળકોની માતા પણ કારમાંથી નીચે ઉતરીને વોશરૂમ ગઈ. હવે લગભગ ૩ વર્ષનો છોકરો અને તેની ૧૧ વર્ષની મોટી બહેન કારમાં એકલા બેઠા હતા. એટલામાં એક વ્યક્તિ ત્યાં આવ્યો અને કારમાં બેસી ગયો. કારમાં બેઠેલી છોકરીએ પૂછ્યું કે, "કાકા, તમે કોણ છો?" આ પછી, શખ્સ કાર સાથે બાળકોને લઈને



સ્થળ પરથી ભાગી ગયો. જ્યારે બાળકોના માતા-પિતા ૧૦ મિનિટ પછી કારની જગ્યાએ પહોંચ્યા તો તેમણે જોયું કે કાર તેની જગ્યાએ નથી. આ પછી બાળકોના માતા-પિતા સીધા લક્ષ્મીનગર પોલીસ સ્ટેશન પહોંચ્યા. પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ માતા-પિતાએ પોલીસ સ્ટેશનના SHOને પોતાની પરિસ્થિતિ જણાવી. આ પછી લક્ષ્મી નગરના SHOએ પિતાને પોતાની કારમાં બેસાડ્યા. બિલ્ડિંગમાં જ બનેલા શકરપુર પોલીસ સ્ટેશનના SHOએ બાળકોની માતાને પોતાની કારમાં બેસાડ્યા અને બાળકોની શોધમાં નીકળી પડ્યા. ત્યારબાદ બાળકોના પિતાએ પોલીસને જણાવ્યું કે, બાળકોની માતાનો ફોન કારમાં હતો અને ત્યારબાદ પોલીસે તેને કારમાં રાખેલા ફોન પર ફોન કરવાનું કહ્યું. કોલ કરતાં જ આરોપીએ બાળકોના પિતા સાથે વાત કરી અને ૫૦ લાખની ખંડણી માંગી. પોલીસ વારંવાર પિતાને સમજાવી રહી હતી કે તેમણે માત્ર આરોપી સાથે વાત કરતા રહેવું જોઈએ અને તે દરમિયાન પોલીસે ફોન સર્વેલન્સ પર મૂકી દીધો જેના કારણે પોલીસ દરેક ક્ષણે લોકેશન મેળવતી રહી. પોલીસે અપહરણ કરાયેલા બાળકો અને વાહનનો પીછો ચાલુ રાખ્યો. જ્યારે આરોપી વિકાસ માર્ગ પર હીરા સ્વીટ્સથી બાળકો સાથે કારમાં નીકળ્યો ત્યારે તે પહેલા વજીરાબાદ પહોંચ્યો. વજીરાબાદથી નિરંકારી કોલોની, નિરંકારી કોલોનીથી અશોક વિહાર અને અશોક વિહારથી આરોપીઓએ યુ ટર્ન લીધો અને વાહનને શાલીમાર તરફ ફેરવ્યું, શાલીમાર બાગ થઈને આરોપી બાળકો સાથે બુરારી ચોક પહોંચ્યો.

# ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સે ભારતને રેગ્યુલર ફોલો-અપ શ્રેણીમાં સામેલ કર્યું

## સિંગાપોરમાં યોજાયેલા વાર્ષિક સત્રમાં મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગ પર મ્યુચ્યુઅલ એસેસમેન્ટ રિપોર્ટને પણ મંજૂરી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને વધુ એક મોટી સફળતા મળી છે. વૈશ્વિક સંસ્થા ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સએ ભારતને રેગ્યુલર ફોલો-અપ શ્રેણીમાં સામેલ કર્યું છે. આ યાદીમાં સામેલ થનાર ભારત ૫મો દેશ બન્યો છે. ભારત સિવાય G-20 જૂથના ૪ અન્ય દેશો પણ આ શ્રેણીમાં સામેલ છે. FATFની ભલામણો અને માર્ગદર્શિકાને વિશ્વના ૨૦૦ દેશો અનુસરે છે. આ અર્થમાં ભારત પણ હવે આ મામલે વિશ્વને સલાહ અને માર્ગદર્શિકા આપી શકે છે. સિંગાપોરમાં ૨૬ થી ૨૮ જૂન દરમિયાન યોજાયેલા FATFના વાર્ષિક સત્રમાં મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગ પર મ્યુચ્યુઅલ એસેસમેન્ટ રિપોર્ટને પણ મંજૂરી આપવામાં આવી છે, જેને FATF દ્વારા ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે. ભારતના પ્રયાસોની ખાસ પ્રશંસા કરવામાં આવી છે. ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) એ ૧૯૮૯ માં મની લોન્ડરિંગ, આતંકવાદી ધિરાણ અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સિસ્ટમની અખંડિતતા માટે સંબંધિત જોખમો સામે લડવા માટે આંતરરાષ્ટ્રીય દેખરેખ સંસ્થા તરીકે બનાવવામાં આવેલ આંતર-સરકારી સંસ્થા છે. ભારત ૨૦૧૦માં FATFનું સભ્ય બન્યું. હાલમાં ૨૦૦ દેશો તેમાં સામેલ છે. FATF સભ્ય દેશોને તેમની અર્થવ્યવસ્થાની નબળાઈઓ જેમ કે મની




લોન્ડરિંગ, આતંકવાદને ધિરાણ વગેરેના આધારે ચાર શ્રેણીઓમાં વિભાજિત કરે છે. તેમાં બ્લેક લિસ્ટ, ગ્રે લિસ્ટ, ઉન્નત ફોલોઅપ અને નિયમિત ફોલોઅપનો સમાવેશ થાય છે. રેગ્યુલર ફોલો અપ શ્રેષ્ઠ માનવામાં આવે છે અને બ્લેકલિસ્ટ સૌથી ખરાબ માનવામાં આવે છે. તાજેતરના પરસ્પર મૂલ્યાંકન અહેવાલ પછી ભારત સહિત માત્ર ચાર G-20 દેશોને નિયમિત ફોલો-અપમાં રાખવામાં આવ્યા છે. ભારત ઉપરાંત ઈટાલી, ફ્રાન્સ અને બ્રિટનનો સમાવેશ થાય છે. FATFમાં સમાવિષ્ટ કુલ ૨૦૦ દેશોમાંથી માત્ર ૨૪ દેશો નિયમિત ફોલોઅપ ના દાયરામાં છે. નિયમિત ફોલો-અપનો અર્થ એ છે કે આ દેશોએ મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ પર FATF નિયમો અનુસાર વારંવાર અનુપાલન અહેવાલો સબમિટ કરવાની જરૂર નથી. નિયમિત ફોલોઅપની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે કોઈપણ દેશે ૪૦ FATF ભલામણો અને ૧૧ તાત્કાલિક પરિણામોનો અમલ કરવો પડશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

## તંત્રી લેખ...

# પરિવેશ માટે બીજાને દોષ આપે છે, વાસ્તવમાં તે ખુદ જવાબદાર

જો કોઈ વ્યક્તિ પ્રેમથી ભરપૂર હોય તો તેને આસપાસ માત્ર પ્રેમ જ દેખાય છે. ઘૃણાથી ભરેલા વ્યક્તિને ઘૃણા જ મળે છે. કોઈ વ્યક્તિ ઝગડા વિશે વિચારે છે તો તેને ઝગડો થઈને જ રહે છે. તથી વ્યક્તિ એ જ પામે છે, જેની તે કામના કરે છે. વિચારોનું આકર્ષણ એક ગંભીર મુદ્દો છે. જ્યારે તમે તેના પર વિચારવાનું બંધ કરી દેશો, તો તમને અહેસાસ થશે કે માણસ જે પરિવેશ માટે બીજાને દોષ આપે છે, વાસ્તવમાં તેના માટે તે ખુદ જવાબદાર છે. જે પ્રકારે પાણીમાં પથ્થર ફેંકતાં તેમાં લહેરો ઊઠે છે, એ જ પ્રકારે વિચાર પણ લહેરો પેદા કરે છે, જે મસ્તિષ્કના મહાસાગરમાં ફેલાઈ જાય છે. જોકે બંનેમાં એક અંતર છે, પાણીનીલ હેરો એક સપાટી પરદરેક દિશામાં ફેલાયછે અને વિચારની લહેરો એક કેન્દ્રથી દરેક દિશામાં ફેલાય છે. જે પ્રકારે આપણે ધરતી પર વાયુના એકવિશાળ સમુદ્રથી ઘેરાયેલા છીએ એ જ પ્રકારે આપણે મનના વિશાળ સમુદ્રથી પણ ઘેરાયેલા છીએ. આ વિચાર તરંગોની કેટલીક બીજી ખૂબીઓ પણ છે જે તેને જલતરંગોથી અલગ કરે છે. તેની અંદર પ્રજનન ક્ષમતા હોય છે. જેમ વાયોલિનનો એક સુર કાચમાં કંપન પેદા કરી શકે છે. એક ગીત આપણા મસ્તિષ્કમાં તેને ગ્રહણ કરનારા કંપનને જાગ્રત કરી દે છે. કેટલાય અનાયાસ વિચાર, જે આપણા દિમાગમાં આવે છે, અસલમાં તે કોઈ બીજાના ઉત્તરાત્મક દઢ વિચાર કે પ્રતિબિંબ હોય છે, પરંતુ જ્યાં સુધી આપણું મસ્તિષ્ક તેને સ્વીકાર કરવા માટે અનુકૂળ નહીં હોય, ત્યાં સુધી તેનો કોઈ પ્રભાવ નહીં હોય. જ્યારે આપણે કોઈ મોટો વિચાર કરતા હોઈએ છીએ તો આપણું મસ્તિષ્ક એ વિચારના સ્વરૂપનો એક વિશેષ રાગ તૈયાર કરે છે. જ્યારે એક વાર આ રાગ સ્થાપિત થઈ ગયો, તો આપણે એ જ પ્રકારના બીજા વિચાર-તરંગોને ગ્રહણ કરવામાં સક્ષમ થઈ જઈશું. બીજી તરફ જ્યારે આપણે તેનાથી વિપરીત કોઈ સંકુચિત માનસિકતા રાખીશું તો આપણે એ જ પ્રકારના લોકોના તુચ્છ વિચારોના પડઘા સંભળાશે. જે વ્યક્તિ આત્મવિશ્વાસ સાથે સાહસ અને દઢ નિશ્ચયની સકારાત્મક માનસિક ધારણા બનાવી રાખે છે, તેને કોઈ બીજાના મસ્તિષ્કથી આવનારી નરાશા અને અસફળતા જેવા નકારાત્મક વિચારોથી બહુ વધારે ફરક નથી પડતો, ભલે તે નકારાત્મક વિચાર એ બીજા વ્યક્તિમાં ગમે તેટલા પ્રબળ હોય. એ જ રીતે જ્યારે આ નકારાત્મક વિચાર કોઈ નિરાશાવાદી વ્યક્તિ સુધી પહોંચે છે, તો તે તેની નિરાશાને ઓર વધારી દે છે. તે આગમાં ઘી નાખવાનું કામ કરે છે, જે એ વ્યક્તિની ક્ષમતાને કમજોર કરી રહી છે અથવા જો તમને એ પસંદ આવે તો તેની અંદરની ઊર્જાને ખતમ કરે છે.

## પાંચ વર્ષની સરકારની નીતિઓ અને યોજનાઓની રૂપરેખા દર્શાવે છે

લોકસભાના નવા સત્ર પહેલાં સંસદમાં રાષ્ટ્રપતિનું સંબોધન એ માત્ર બંધારણીય પ્રક્રિયા નથી, કારણ કે તે સામાન્ય રીતે આગામી પાંચ વર્ષની સરકારની નીતિઓ અને યોજનાઓની રૂપરેખા દર્શાવે છે. ૧૮મી લોકસભાની શરૂઆત પછી સંસદના પ્રથમ સંયુક્ત સત્રને સંબોધિત કરતી વખતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જે કહ્યું તે ઘણી રીતે મહત્ત્વપૂર્ણ છે. આ સંબોધન ત્યારે આવ્યું જ્યારે નરેન્દ્ર મોદીનો વડાપ્રધાન તરીકેનો ત્રીજો કાર્યકાળ શરૂ થયો, પરંતુ આ તે ટર્મ છે જ્યાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ભાગીદારોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે અગાઉના બે પ્રસંગની જેમ આ વખતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને પોતાની મેળે એકલપંથી બહુમતી મળી શકી નથી. વ્યાપક સામાજિક-રાજકીય ચર્ચાને અનુરૂપ એવા સમયે રાષ્ટ્રપતિએ સંબોધન કર્યું જ્યારે રોજગાર, ખાસ કરીને યુવા બેરોજગારી એક નિર્ણાયક મુદ્દો છે અને સ્થાનિક અને વિદેશી વ્યવસાયો દ્વારા રોકાણ નબળું પડયું છે. આવી સ્થિતિમાં, આ ભાષણમાંથી અપેક્ષા રાખવામાં આવી હતી કે નીતિની દિશાને લઈને મહત્વપૂર્ણ બાબતો કહેવામાં આવશે. આ પ્રવચનમાં સરકારની ભૂતકાળની સિદ્ધિઓ વિશે વિસ્તારપૂર્વક વાત કરવામાં આવી હતી, જે થોડીક વધુ પડતી અને સ્વસ્તુતિયુક્ત હતી. કેવી રીતે ભારત દસ વર્ષ પહેલાં વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી તેમાંથી હવે પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને હાલમાં વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની છે એનું મહિમાગાન પણ આ અભિભાષણમાં વ્યક્ત થયું. આ સંજોગોનો શ્રેય 'રિફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મ'ને આપવામાં આવ્યો હતો. આર્થિક વૃદ્ધિના મોરચે, તે રેખાંકિત કરવામાં આવ્યું હતું કે કોવિડ પછી, ૨૦૨૧ અને ૨૦૨૪ વચ્ચે વૃદ્ધિનો અવકાશ વાષક ધોરણે ૮ ટકા રહ્યો છે અને રહેશે. એકંદરે, સંબોધનમાં તમામ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર સ્પર્શ કરવામાં આવ્યો હતો. ગરીબી નાબૂદી, પર્યાવરણને અનુકૂળ અર્થવ્યવસ્થા, ખેડૂતો અને મહિલાઓના સશક્તિકરણ વગેરે પર સરકારનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જે વિષયો પર ભૂતકાળમાં ઘણો વિરોધ થયો છે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઉદાહરણ તરીકે, ભાષણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે સરકારે વિવાદાસ્પદ નાગરિકતા સુધારા કાયદા હેઠળ નાગરિકતા આપવાનું શરૂ કર્યું છે, કેવી રીતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો છેલ્લી ચૂંટણીમાં ફરી એકવાર અસરકારક સાબિત થયા હતા અને કેવી રીતે કલમ ૩૭૦ નાબૂદ કરવાથી જમ્મુ અને કાશ્મીર રાજ્યના વિશેષ દરજ્જામાં તથા જનજીવનમાં ફેરફાર આવ્યો. રસપ્રદ વાત એ છે કે ભાષણમાં તેઓ પરીક્ષા સંબંધિત સંસ્થાઓમાં વ્યાપક ફેરફારો કરવાના વચનથી પાછળ હટયા નથી. આ નેશનલ ઈલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટના તાજેતરના પેપર લીક સાથે સંબંધિત બાબત છે. ધ્યાનમાં રાખો કે આ પરીક્ષા કેન્દ્ર સરકારની એક સંસ્થાના નેતૃત્વ હેઠળ લેવામાં આવે છે. રાષ્ટ્રપતિના સંબોધનમાં એવા મજબૂત સંકેતો હતા કે સરકાર આગામી સામાન્ય બજેટ માટે પોતાની પ્રતિબદ્ધતાઓને પ્રતિબિંબિત કરવા તૈયારી કરી રહી છે. મુર્મુના સંબોધનમાં સ્પષ્ટપણે સમજાવ્યું કે કેવી રીતે આગામી બજેટ સરકારની દૂરગામી અને આગળ દેખાતી નીતિઓ અને વિઝનનો અસરકારક દસ્તાવેજ બની રહેશે. મુર્મુએ વચન આપ્યું હતું કે બજેટમાં મુખ્ય આર્થિક અને સામાજિક નિર્ણયો સાથે ઘણા ઐતિહાસિક પગલાં પણ જોવા મળશે. તેમણે કહ્યું કે બજેટ સુધારાની ગતિને વેગ આપશે અને આ ઝડપી વિકાસ માટે દેશના લોકોની આકાંક્ષા સાથે સુસંગત હશે. આમાં મહત્ત્વની બાબત એ હતી કે વિશ્વભરમાંથી રોકાણ આકર્ષવા માટે રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપવું. તેમણે કહ્યું કે આમ કરવું સ્પર્ધાત્મક સહકારી સંઘવાદની સાચી ભાવના સાથે સુસંગત રહેશે. લોકસભાના વર્તમાન સ્વરૂપમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર જોરશોરથી ચર્ચા થવાની અપેક્ષા છે.

**વિશ્વભરમાં પ્રસરેલી હિન્દુ પ્રજા પોતાના સ્વભાવની મીઠાશને કારણે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ છે**

# આપણાં સંતાનો ધર્મને અનુસરે છે કે નહીં? એવી શંકા કર્યા વગર, તેને વિશ્વાસ લઈ સાચો ધર્મ સમજાવીએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અમારા ઘરની વાત કરું તો વહુ દીકરીઓ મોર્ડન છતાં એટલાં જ ટ્રેડિશનલ પણ ખરાં! માત્ર પહેરવેશથી મોર્ડન નહીં પણ એટિટ્યુટ પણ મોર્ડન! રામાયણ ગીતાના પાઠ પણ નિત્ય ક્રમમાં, જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી, અને નવરાત્રી એ ગરબો લેવો, શક્રાદય, વિશ્વંભરી કે જય આદ્યા શક્તિ એ બધું, એની વિધિ વિધાન સાથે પૂજા કરવી.**

આઝાદી પછી ભારતનાં રાજકારણમાં એક વાત આટલા વર્ષોથી જોવા મળી રહી છે, અને એ છે કોમવાદ! પાડોશમાં રહેતાં હિન્દુ મુસ્લિમ પરિવારમાં ગમે તેટલો ભાઈચારો હોય, પણ રાજકારણને કારણે ચૂંટણી વખતે કોઈને કોઈ પ્રકારના કોલાહલો થાય, અને સમાજમાં એના પડઘા પડે!હમણાં કોઈએ હિંદુઓ પોતાના રીતી રિવાજ અને ધર્મને ભૂલી ગયા છે, એની માટે કોણ જવાબદાર?? એવો એક લાંબો લેખ મૂક્યો હતો,તાત્વિક રીતે એમાં કોઈ દમ નથી, હા અમુક રીતે ચિંતનીય છે! પણ ધર્મની રીતે નહીં. વિશ્વભરમાં પ્રસરેલી હિન્દુ પ્રજા પોતાના સ્વભાવની મીઠાશને કારણે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ છે, અને હવે તો મહત્વના હોદ્દા પર પણ એનો પ્રવેશ થયો છે. નો ડાઉટ! એ લોકોની સંસ્કૃતિ અપનાવી રહી છે, પરંતુ સાથોસાથ આપણી સંસ્કૃતિ પણ ત્યાં ઉજાગર કરી રહી છે, એ ભૂલવું જોઈએ નહીં. બોલીવુડ આપણે ત્યાં આ બધી વાતનું પેરામીટર ગણાય છે, તો જ્યારે જ્યારે હીરો હીરોઇને લગ્ન કર્યા! આપણે જોયું કે દરેક હિરોઈન ટ્રેડિશનલ વિધિથી જ લગ્ન કર્યા છે, અને ટ્રેડિશનલ પહેરવેશ પહેરીને લાંબી લાંબી સેંથી પૂરે છે, અને પૂર્ણપણે આપણી વિધિ અનુસાર જ લગ્ન કરે છે, એ શું છે? આપણને આપણી સંસ્કૃતિ ગમે છે, અને આપણે તેને પૂર્ણ પણે અનુસરીએ છીએ! આપણાં ઘરની દીકરીઓની વાત કરીએ તો ગમે તેટલી મોર્ડન હોય એમણે પણ પોતાના લગ્ન આ રીતે જ કર્યા છે! કોઈ એ મીની સ્કર્ટ પહેરીને કર્યા હોય એવો કિસ્સો સાંભળવા મળ્યો નથી! મંદિરોમાં જવું કે ન જવું! એ દરેકનો સંસ્કારિતા મુજબનો પર્શનલ મુદ્દો છે. અમારા ઘરની વાત કરું તો વહુ દીકરીઓ મોર્ડન છતાં એટલાં જ ટ્રેડિશનલ પણ ખરાં! માત્ર પહેરવેશથી મોર્ડન નહીં પણ એટિટ્યુટ પણ મોર્ડન! રામાયણ ગીતાના પાઠ પણ નિત્ય ક્રમમાં. જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી, અને નવરાત્રી એ ગરબો લેવો, શક્રાદય, વિશ્વંભરી કે જય આદ્યા શક્તિ એ બધું, એની વિધિ વિધાન સાથે પૂજા કરવી. શ્રાવણે શિવ મહિમા ગાવો, બધું એટલે બધું જ ! દિવાળી એ દીવા મુકવા, રંગોળી કરવી, વ્હેલી પ્રભાતે લક્ષ્મી પૂજા, બધુજ જેમ મેં કર્યું! માટે કોઈનાં કહેવાથી આપણી પરવરીશ પર ડાઉટ ન કરવો. એ લેખમાં લખ્યું છે, કે આપણે આમ નથી કરતાં! તેમ નથી કરતા! વગેરે.. એમણે તો આપણને સમજાવ્યું કે આપણે ધર્મ નથી અનુસરતાં, પરંતુ એ લોકોએ ધર્મને અનુસરીને શું કર્યું? બાબરથી શરૂ કરી અકબર સુધી અને બીજા નવાબો એ નરસંહાર સિવાય બીજું કર્યું છે શું?: શું સમય પ્રમાણે બંદગી કરવી એ જ છે ધર્મની વ્યાખ્યા? અને એને જવાબમાં કહેવું જોઈએ કે અમારી ચિંતા છોડી તમારું સંભાળો! હિન્દુ સનાતન ધર્મ એટલે શું? એટલે કે જે શાશ્વત છે, અને છતાં નિત નૂતનધારા સાથે પ્રવર્તમાન પણ છે. એટલે કે સમયની સાથે તેને બદલાતાં આવડે છે! તે રૂઢિચુસ્ત નથી, પ્રવાહી અને પારદર્શક પરંપરા ધરાવે છે. હા આધુનિક પેઢી થોડી વધુ આધુનિક થઈ રહી છે, પરંતુ એની માટે આપણો ધર્મ જવાબદાર નથી, બીજા ઘણા બધા પરિબળો કામ કરે છે. દરેક ભારતીયને ભગવાન શંકર, મા દુર્ગા, હનુમાનજી શ્રીરામ, માતા સીતા, શ્રીકૃષ્ણ શ્રી રાધાજી આ બધાં જ ચરિત્રો પર ખૂબ જ ગર્વ છે, અને કાયમ રહેશે!: તદ ઉપરાંત ગુરુનો પણ આપણે ત્યાં વિશેષ મહિમા છે. હા સમયની સાથે સાથે સંવેદના ઓછી થતી જોવા મળે છે,પણ એનું કારણ પણ ધર્મ નથી. આમ તો તમારો ધર્મ, અને મારો ધર્મ એવું કહેવું, એ મને ગમે નહીં! કારણકે ધર્મ માટે મારાં મનમાં એક અલગ કોન્સેપ્ટ છે. ધર્મની વાત કરીએ તો જે કટ્ટરતા શીખવે એ ધર્મ નથી! એ લોકોની જેમ આપણે ત્યાં પણ ત્રિકાળ સંધ્યાની પરંપરા હતી, જે આપણે ચૂક્યા છીએ. પરંતુ એ લોકો એ ચૂક્યા નથી!: પણ છતાં આપણે સરહદો પરના હુમલામાં જોઈએ તો એ લોકો ધર્મને નામે અરાજકતા જ ફેલાવે છે. સાચે શું હશે એ ખબર નથી, પણ ફિલ્મોમાં જે ખૂનસ્તા બતાવાય છે, કટ્ટરતા વાદ માટે જે રીતે સ્ત્રીઓ પર અત્યાચાર થાય છે, એ બધું એટલી હદે હિન્દુ પ્રજામાં થતું નથી!: કારણ કે આપણે ત્યાં માતૃ દેવો ભવઃ એ સંસ્કૃતિનો મુખ્ય આધાર છે. કહેવાતાં એ ધર્મમાં સ્ત્રીઓ માટે ધર્મથી વધુ કંઈ નથી, અને એ જ રીતે એ જીવતાં હોવા છતાં, એની સંતતિ આવા કામ કરે છે! લવ જેહાદ ને નામે કેટલીય યુવતીઓનાં જીવન બરબાદ કરે છે. ઘણીવાર તો આપણને આશ્ચર્ય થાય કે આવું પણ કોઈ કરી શકે! એને શું કહીશું? ધર્મ કે અધર્મ! માટે આવી પોસ્ટને પ્રોત્સાહન આપીને આપણાં ધર્મને આપણે જ શંકાની નજરે જોવો નહીં. તેમજ આજની પેઢી જેમ મંદિરે જાય તેમ જવા દેવી, જશે તો આગળ પર ત્યાં કેમ જવું એ સમજશે! રોકીશુ તો જવાનું જ બંધ કરી દેશે! જે ખોટું થશે. પણ ખતરો છે ખરો!: અમુક પ્રજા પોતાનો પરિવાર વધારી જ રહી છે, અને આપણે....? એટલે આગળ જઈને બહુમતી થઈ શકે! વિચારો ત્યારે આપણને આવાં ધર્મમા ફરજિયાત પરિવર્તન કરાવશે તો? માટે આપણાં ધર્મને બચાવવા માટે નહીં, તો એ ધર્મમાં જવું ન પડે એ માટે પણ પરિવારનું વિસ્તરણ કરવું જરૂરી છે. ખેર એ પણ છોડો. આજની યુવા પેઢી વધુ પડતી આધુનિક થઈ રહી છે એ વાત સાચી છે!: પણ એની માટે ધર્મ જવાબદાર નથી. જે ન જોવુ જોઈએ એ જોઈને! આજની પેઢી બગડતી જાય છે. મનોરંજનને નામે આપણે જે સાધન અપનાવ્યું છે, ત્યાં પ્રતિબંધની જરૂર છે. એટલે કે ટીવી સીરીયલો, ફિલ્મો અને હવે તો સતત બીભત્સ રસ પીરસતું ઓટીટી પ્લેટફોર્મ!; એવી સીરીઝ બને છે! કોઈ રોકટોક નહીં, કપડા બદલતાં હોઈએ એ રીતે સ્ત્રી પુરુષો પોતાના પાર્ટનર બદલે છે!; અને જે શારીરિક સંબંધ યુવક યુવતીઓ માટે લગ્ન પહેલા પાપ ગણાતો, એ સંબંધનો હવે કોઈ છોછ ન હોય એમ! અને એ પણ છડે ચોક! કોઈ લાજ શરમ વગર! હમણાં સોનાક્ષી સિંહાની દહાડ સિરીઝ જોઈ, તો એ પુરુષપાત્ર પર ખરેખર ધૃણા થઈ આવી!' પણ સિરીઝમાં સોનાક્ષી સિંહાના મોઢે ગર્ભ નિરોધક ગોળી વિશે એક ડાયલોગ છે, કે મને એની જરૂર પડી એટલે.. એ સાંભળી સ્ત્રીઓની સ્વતંત્રતા વિશે રાજી થવું કે દુઃખી થવું ? એ મને સમજાયું નહીં. સતત હાથમાં દારૂનો ગ્લાસ, સિગરેટ કે પછી ડ્રગ્સ! મોઢામાં ગાળ,આ બધું સતત જોઈને ! એનો અનુભવ કરવાની આપણી આધુનિક પેઢીને જાણે પ્રેરણા મળતી હોય એવું થઈ રહ્યું છે. પહેલા સ્ત્રીઓ પ્રેમમાં બેવફાઈ થાય, કે પછી અમુક પ્રકારની મજબૂરી હોય, ત્યારે દેહ વેપારમાં જતી જોવા મળતી, જ્યારે આજકાલ તો પોતાના મોજશોખ પૂરા કરવાં માટે, આ વ્યવસાય અપનાવતા યુવતીઓ અચકાતી નથી, અને પોતાનું કામ કઢાવવા માટે સ્ત્રીઓ પાસે જાણે આ એક માર્ગ હોય, એ રીતે પણ એ પોતાના શરીરનો ઉપયોગ કરતા અચકાતી નથી!: બેસ્ટસેલર નામની એક સીરીઝમાં ગોહર ખાનને મોઢે પણ સ્ત્રી પુરુષનાં શારિરીક સંબંધ વિશે આવો જ એક ડાયલોગ છે! હોતા હૈ કભી કભી! હો ગયાં, બસ બાત ખતમ.. બસ આવા બધા કાવાદાવા વાળી સિરિયલો, સિરીઝ, કે ફિલ્મો જોઈને આજની પેઢી બદલાઈ રહી છે, એ સૌથી મોટો ખતરો છે!: કોઈ સારો મેસેજ સમાજને મળી રહે, એ માટે મનોરંજનના સાધન તરીકે જેને અપનાવ્યું હતું, પણ શું એ ખરેખર સારો મેસેજ આપે છે કે નહીં? એ તો સત્તાવાળાએ જોવું જોઈએ ને?: એટલે ઘરમાંથી તો યુવક યુવતીઓ ધર્મ શીખે જ છે, પણ બહાર આ બંધો જે કચરો છે! એનું શું? સંસ્કાર સિવાય આપણા સંતાનોને કોઈ બચાવી નહીં શકે! એટલે આપણી આજની પેઢી મંદિરે જાય તો બહુ સારી જ વાત છે, પણ ન જાય તો પણ એના મનમાં આવો કચરો તો ન જાય એ ધ્યાન રાખવું. આવી પોસ્ટને ઈગ્નોર કરી, બને એટલું સંતાન પર વિરોધ કર્યા વગર ફોકસ કરવું, અને માનવતાનાં કર્મોમાં આપણી સાથે રાખવા. બાપુ કહે છે એમ પંચદેવની પૂજાના સુક્ષ્મ અર્થથી એમને પરિચિત કરાવી માનવતા આજીવન વ્રત બને એ જોવું. દાન એ પણ ધર્મનું એક અંગ છે, એટલે એ નિયમ પરંપરા બને! કારણકે અંતે તો માનવતા એ જ ધર્મ છે. જય હિન્દ.

**ભગવાનનું સ્વરૂપ નિત્ય, ભગવાનની લીલા નિત્ય, ભગવાનનું નામ નિત્ય, ધામ નિત્ય અને પરિકર નિત્ય છે**

# કીર્તન અને ભક્તિમાં દરેક ઇન્દ્રિયને કામ મળે છે, તેથી મહાપુરુષોએ કીર્તન ભક્તિને શ્રેષ્ઠ માની છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પરીક્ષિત રાજા પૂછે છે કે ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે? આ સૃષ્ટિ ની ઉત્પત્તિની કથા કહો, જવાબમાં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદજી ને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે, ભગવાનને એકમાંથી અનેકથવાની ઇચ્છા થઈ, પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા.**

આજે જુલાઈ મહિનાનો અંતિમ દિવસને રવિવાર કેટલાય વિસ્તારમાં મેઘરાજા મન મુકીને વરસ્યા નથી.કાળઝાળ ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે તો ગત શુક્રવારે પાણીનો પોકાર કરતી દિલ્હીમાં ૮૮ વર્ષમાં પહેલી વાર આ જુન મહિનામાં એક દિવસમાં ૯(નવ) ઈંચ વરસાદ પડયો. એરપોર્ટની છત તૂટતાં હોબાળો થયો. ગુજરાતમાં કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશો ત્સવ કાર્યક્રમનું સમાપન થયું ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે જોઈએ તો ભાગવતના ટીકાકાર શ્રીધર સ્વામી આ પાંચને નિત્ય માને છે. ભગવાનનું સ્વરૂપ નિત્ય, ભગવાનની લીલા નિત્ય, ભગવાનનું નામ નિત્ય, ધામ નિત્ય અને પરિકર નિત્ય છે. પરીક્ષિત રાજા પૂછે છે કે ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે? આ સૃષ્ટિ ની ઉત્પત્તિની કથા કહો.જવાબમાં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદજી ને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે. ભગવાનને એકમાંથી અનેકથવાની ઈચ્છા થઈ. પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા.આ તત્ત્વો પોતાની મેળે કોઈ કાર્ય કરી શક્યા નહીં, ત્યારે પ્રભુએ એક-એક વસ્તુમાં પ્રવેશ કર્યો.હવે તત્ત્વમાં દિવ્ય ચેતન શક્તિ પ્રગટ થઈ. સાતમા અધ્યાયમાં ભગવાનની લીલા અવતારોનું વર્ણન કરેલું છે. બ્રહ્માજીની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને આત્મતત્ત્વના જ્ઞાન માટે તેમને પરમ સત્ય વસ્તુ નો જે ઉપદેશ કર્યો તે સાંભળો. આદિદેવ બ્રહ્માજી જ પોતાના જન્મ સ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી વિચાર કરી રહ્યા હતા,પણ સૃષ્ટિની રચના થઈ શકે તેવી જ્ઞાનદષ્ટિ પ્રાપ્ત ન થઈ તેવામાં બ્રહ્માજીને આકાશ વાણી સંભળાઈ : તપ, તપ! બ્રહ્માજી સમજી ગયા કે તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજીએ સો વર્ષ તપ કર્યું અને તેમને ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. તપ કર્યા વગર કોઈને ચાલ વાનું નથી. તપ ન કરે તેનું પત થશે. એટલે પતન થાયછે. પછીનારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો.દ્વિતીય સ્કંધમાં નવમા અધ્યાયના બત્રીસ થી પાંત્રીસ શ્લોકએ ચતુઃશ્લોકી ભાગવત.ભગવાન સંતાકૂકડીની રમતના અજબ ખેલાડી છે. આરંભમાં તમામ જીવો ભગવાનની અંદર ભગવાન એક- એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે. તે પછી કહે છે, બેટા, હવે હું સંતાઈ જાઉં છું. હવે તું મને શોધી કાઢજે! ભગવાન કહે છેકે,જગતમાં ન હતું ત્યારે પણ હું જ હતો. જગત રહેશે નહીં ત્યારે પણ હું જ રહીશ. જેમ સ્વપ્નમાં એક જ અનેકરૂપે દેખાય છે, તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક જ છે. એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે. દાગીનાના આકાર ભિન્ન હોવા છતાં સર્વમાં એક જ સોનું રહેલું છે. કિંમત પણ સોનાની મળે છે, આકારની નહીં. ઈશ્વર સિવાય બીજું જે કાંઈ દેખાય છે, તે સત્ય નથી. ઈશ્વર વિના બીજું દેખાય એ જ ઈશ્વરની માયાછે.જે ન હોવા છતાં પણ દેખાય છે અને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી. એ જ માયાનું કાર્ય છે. તેને જ મહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે. સર્વનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે તે સંસાર અસત્ય છે, પરંતુ માયાથી ભાસે છે. માયાની બે શક્તિઓ છેઃઆવરણ શક્તિ અને વિક્ષેપ શક્તિ. માયાની આવરણ શક્તિ પરમાત્માને ઢાંકી રાખે છે.માયાની વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે. જેમ અંધારામાં દોરડાને બદલે સાપ દેખાય. જે ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય.પોતાના સ્વરૂપનું વિસ્મરણ એ માયા છે.એ સ્વપ્ન છે. સ્વપ્ન જેને દેખાય છે તે જોનારો સાચો છે.સ્વપ્નમાં એકજ પુરુષ છે પણ દેખાય છે બે. એ જાગી જાય છે ત્યારે એને ખાતરી થાય છે કે હું ઘરમાં પથારીમાં સૂતો છું. સ્વપ્નનો પુરુષ જુદો છે. તેમ આ જગતમાં બ્રહ્મ તત્ત્વ એક જ છે,પણ માયાને લીધે અનેક તત્ત્વ ભાસે છે. માયા અનાદિ છે. માયા એટલે અજ્ઞાન અજ્ઞાન કયારથી શરૂ થયું તે જાણવાની શું જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી એનો વિચાર કરવો નહીં. કપડાં ઉપર ડાઘ પડયો હોય તો તે શાથી પડ્યો ક્યારે પડેલો? કેમ કરતાં પડ્યો? કઈ શાહી હશે? વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તરત દૂર કરવો એ જ હિતાવહ છે. તેવી રીતે માયાનો વિચાર કરવા કરતાં માયાના પતિ પરમાત્માને શરણે જવું એ જ કર્તવ્યમય છે. સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે, મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. શ્રીકૃણે કહ્યું, સમય આવે દર્શન કરાવીશ. ચાલો, પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ. ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરે છે. સુદામાએ ગોમતીના જળમાં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાની માયા બતાવી સુદામાને લાગ્યું, ગોમતીજીમાં પૂર આવ્યું છે. તે પોતે તણાતાં જાય છે. માંડ માંડ તરીને એક કિનારે આવ્યા ત્યાં એક ગામ હતું. ગામમાં પેસતાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી. લોકોએ સુદામાને કહ્યુંઃઅમારા દેશ ના રાજા મૃત્યુ પામેલા છે. આ ગામ નો કાયદો છે કે, રાજાના મૃત્યુ બાદ આ હાથણી જેને માળા પહેરાવે તે રાજા થાય. માટે તમે અમારા રાજા સુદામા રાજા બન્યા એક રાજ કન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો. બાર પુત્રો થયા તેવામાં રાણી એક દિવસ માંદી પડી અને મૃત્યુ પામી. સુદામા રડવા લાગ્યા. લોકો કહે, તમે રડો નહીં. અમે તમને વિયોગ માં દુઃખી નહીં થવા દઇએ તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલીશું. એટલે કે પત્ની સાથે તમારે પણ અગ્નિમાં પ્રવેશ કરવો પડશે. હવે સુદામા પત્ની માટે રડવાનું ભૂલી ગયા, ને પોતા માટે રડવા લાગ્યા. પછી તે લોકોને કહે છે, મને એક વખત સ્નાન-સંધ્યા કરી લેવા દો.પછી મને સતો કરજો તે સ્નાન કરવા ગયા. ચાર પુરુષો તેની ચોકી કરતા ઊભા કે નાસી ન જાય.સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં પ્રભુને યાદ કરે છે. રડતાં રડતાં સુદામા નદી માંથી બહાર આવ્યા.ભગવાન હજી તો પીતાંબર પહેરી રહ્યાહતા ભગવાન પૂછે છે, તું કેમ રડે છે? સુદામાએ બધી વાત કરી ત્યારે ભગવાન કહે, આનું નામ મારી માયા માયા એટલે વિસ્મરણ ન હોય અને બતાવે એ માયા. માયાના ત્રણ પ્રકાર છેઃસ્વમોહિકા, સ્વજનમોહિકા, વિમુખજનમોહિકા બ્રહ્મદષ્ટિ સતત રાખે તેને માયા પકડી શકે નહીં. માયા જીવનને વળગી છે એ તત્ત્વદષ્ટિથી સાચું નથી. માયા નર્તકી છે. તે બધાને નચાવે છે નર્તકી માયાના મોહમાંથી છૂટવું હોય તો નર્તકી શબ્દ ઊલટાવો એટલે થશે કીર્તન. કીર્તન કરો એટલે માયા છૂટશે. કીર્તન ભક્તિ માં દરેક ઈન્દ્રિયને કામ મળે છે. તેથી મહાપુરુષોએ કીર્તન ભક્તિને શ્રેષ્ઠ માની છે. માયાને તારવા માયા જેની દાસી છે એ માયાપતિ પરમાત્માને જ પામવા પ્રયત્ન કરો. માયાના ત્રાસ માંથી છૂટવું હોયતો માધવ રાયને શરણે જવું. ભગવાન કહે છે કે, જે મારે શરણે આવે છે તે જ આ દસ્તુર માયાને તરી જાય છે. તેથી મનુષ્ય માત્ર સદા, સર્વત્ર ભગવાન શ્રીહરિનું જ પૂરા દિલથી શ્રવણ, કીર્તન-સ્મરણ કરવું. આવરણ અને વિક્ષેપ એ માયાની બે શક્તિઓ છે. બંને શક્તિઓ ઈશ્વરને ઢાંકે છે, છૂપાવે છે. તત્ત્વદષ્ટિથી જોતાં જગત નથી, છતાં આવરણ અને વિક્ષેપને લીધે જગત સત્ય ભાસે છે.સ્વપ્નમાં દૃષ્ટાને સ્વપ્ન સાચું લાગે છે. સ્વપ્નાવસ્થા એટલે અજ્ઞાન અવસ્થા અને જાગૃતાવ સ્થા એટલે જ્ઞાનાવસ્થા. સ્વપ્નનો સંસાર સાચો નથી છતાં જીવને સુખદુઃખ કરે છે, એમ માયાનું જગત સાચું નથી, છતાં જીવને સુખદુઃખ કરે છે.જાગેલાને ભગવાન મળે છે, સૂતેલાને સંસાર મળે છે. સંસારમાં જાગેલો તે છે જેને સંસારમાં સુખ તુચ્છ લાગ્યું છે, અને જેને સંસારનાં બધાં સુખો મીઠાં લાગે છે તે સૂતેલો જ છે. માયાનો આરંભ નથી કે અંત પણ નથી. કારણ કે એ પોતે જ ખોટી છે. પણ જાગ્યા પછી સ્વપ્નનો જેમ અંત આવે છે તેમ જ્ઞાન થયા પછી માયાનો અંત આવે છે. અજ્ઞાન અનાદિ છે, પણ અજ્ઞાનનો અંત આવી શકે છે. માયા હંમેશ ગાફેલને મારે છે. સાવધાનને એ મારી શકતી નથી. માયા એ છાયા જેવી છે. તમે દીવા ની સામે ઊભા રહેશો તો છાયા તમારી પાછળ રહેશે, પણ દીવા તરફ પૂંઠ કરીને ઊભા રહેશો તો છાયા તમારી સામે રહેવાની. એમ જીવ પરમાત્માની સામે રહે તો માયા પાછળ રહેવાની, પણ પરમાત્માને ભૂલી તેમની સામે પૂંઠ કરીને રહે તો માથા સામે આવીને ઊભી રહેવાની.

બજારમાં દેશી કારેલાની માંગ વધુ છે

# કારેલાનું શાક કેમ ખવાય છે? ડાયાબિટીસ માટે પણ કાળ છે આ શાકભાજી

ચોમાસામાં કારેલા બજારમાં જોવા મળે છે. આ ઋતુમાં તેના શાકનું સેવન કરવાથી ઘણા ફાયદા થાય છે. જોકે કડવા કારેલાનું સેવન લોકો પસંદ કરતાં નથી. પરંતુ કારેલાનું સેવન સ્વાસ્થ્ય માટે ઔષધિનું કામ કરે છે. ડાયાબિટીસ અને પેટ સંબંધિત રોગોના નિવારણ માટે કારેલાં ખૂબ જ ગુણકારી છે. લીલા શાકભાજીનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. આવું જ એક શાક કારેલાંનું શાક છે. કારેલા કડવા હોવાથી તેનો સ્વાદ ખૂબ જ ઓછા લોકોને પસંદ આવે છે. જો કે, કડવા કારેલાં અનેક ગુણોથી ભરપૂર છે. કારેલા ખાવાથી ઘણા ફાયદા થાય છે. કારેલા શરીરને રોગોથી બચાવવામાં તેમજ શરીરને નિરોગી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કારેલાંનું યોગ્ય રીતે સેવન કરવામાં આવે, તો પેટ સંબંધિત સમસ્યામાં તેમજ ડાયાબિટીસની સમસ્યામાં પણ ફાયદો થાય છે. કારેલાના ગુણધર્મ વિશે ચાલો, કડવા કારેલાના મીઠા ફાયદા વિશે જાણીએ. દરેક વ્યક્તિએ કારેલાનો સમાવેશ પોતાના ડાયટમાં કરવો જોઈએ. કારેલામાં ઔષધીય ગુણધર્મો હોય છે. જે લોકોને ડાયાબિટીસની સમસ્યા હોય છે, તેમના માટે આ કારેલાને વરદાન જેવા છે. તે લોહીમાં શર્કરાના સ્તરને કુદરતી રીતે ઓછું કરવામાં કરવામાં મદદ કરે છે. જેના કારણે બ્લડ શુગર પણ ઝડપથી ઘટે છે. કારેલાને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે, કારેલાને પોષક તત્વોથી ભરપૂર માનવામાં આવે છે. કારેલાને કાર્બોહાઈડ્રેટ્સ, ફાઈબર, પ્રોટીન, કેલ્શિયમ, આયર્ન, પોટેશિયમ, ઝિંક, ફોસ્ફરસ, વિટામિન A, વિટામિન B 1, વિટામિન B 2, વિટામિન C જેવા વિવિધ પોષક તત્વોથી સમૃદ્ધ માનવામાં આવે છે.

સ્થાનિક કારેલા ખાવાની સલાહ અપાય છે

# ડાંગર-ઘઉંની સરખામણીમાં ઓછા પાણીમાં કારેલાની ખેતી

જો ખેડૂત તેનું યોગ્ય રીતે ઉત્પાદન કરે તો દેશી કારેલા હાઈબ્રિડ કારેલા કરતાં વધુ ઉત્પાદન આપે છે. ડાયાબિટીસના દર્દીઓને પણ સ્થાનિક કારેલા ખાવાની સલાહ આપવામાં આવે છે. કારેલાની ખેતી કરવા માટે ઘણી બધી બાબતો પર વિશેષ ધ્યાન આપવું પડે છે. સૌ પ્રથમ, જ્યારે પણ તમે કારેલાનું વાવેતર કરો ત્યારે તેના માટે સારી ગુણવત્તાના બીજ પસંદ કરો. ઉપરાંત, કારેલાનો છોડ એક લત છોડ છે, તેથી, કારેલાની આસપાસ જાળી મૂકો જેથી કરીને તે જમીનને સ્પર્શ કરવાથી બગડે નહીં. ઘણી વખત ખેડૂતો જાળી નાખવામાં ધ્યાન આપતા નથી અને તેના કારણે કારેલાનું ઉત્પાદન અવરોધાય છે અને સડી જવાનો ભય પણ રહે છે. કારેલાના રસના સેવનથી તેમજ કારેલાનું શાક ખાવાથી સ્વાસ્થ્ય સંબંધિત ઘણા લાભો થાય છે. કારેલામાં ભરપૂર માત્રામાં પોષકતત્વો હોય છે.

# આ છોડ છે વિશ્વનો સૌથી શક્તિશાળી હર્બલ પ્લાન્ટ, ત્વચા અને વાળની સમસ્યા માટે રામબાણ

## સનબર્નને કારણે જો ત્વચામાં બળતરા થતી હોય તો એલોવેરા જેલથી મસાજ કરવું જોઈએ

નાના દેખાતા એલોવેરા(કુંવારપાઠા)ના છોડને વિશ્વનો સૌથી શક્તિશાળી હર્બલ પ્લાન્ટ માનવામાં આવે છે. આ છોડમાં અદ્ભુત ઔષધીય ગુણો જોવા મળે છે. તેનો ઉપયોગ સ્વાસ્થ્ય, સુંદરતા અને તેનામાં રહેલા ઔષધીય ગુણો માટે સદીઓથી કરવામાં આવે છે. તેને ગમે ત્યાં સરળતાથી ઉગાડી શકાય છે. વર્તમાન સમયમાં આ પ્લાન્ટની સૌથી વધુ માંગ છે. કુંવારપાઠું કે જેને આપણે એલોવેરા તરીકે ઓળખીયે છીએ. તેમાં ઘણા શક્તિશાળી તત્વો જોવા મળે છે. જે માનવ શરીરને સ્વાસ્થ્ય લાભ આપે છે. એલોવેરામાંથી કાઢવામાં આવેલી જેલમાંથી અનેક પ્રકારની આયુર્વેદિક દવાઓ અને કોસ્મેટિક વસ્તુઓ બનાવવામાં આવે છે. નાના દેખાતા એલોવેરા(કુંવારપાઠા)ના છોડને વિશ્વનો સૌથી શક્તિશાળી હર્બલ પ્લાન્ટ માનવામાં આવે છે. આ છોડમાં અદ્ભુત ઔષધીય ગુણો જોવા મળે છે. તેનો ઉપયોગ સ્વાસ્થ્ય, સુંદરતા અને તેનામાં રહેલા ઔષધીય ગુણો માટે સદીઓથી કરવામાં આવે છે. તેને ગમે ત્યાં સરળતાથી ઉગાડી શકાય છે. વર્તમાન સમયમાં આ પ્લાન્ટની સૌથી વધુ માંગ છે. તેને ગ્વારપથ અને ઘૃતકુમારી તરીકે પણ ઓળખવામાં આવે છે. આયુર્વેદિક ડૉક્ટર કિશન લાલે લોકલ ૧૮ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, એલોવેરામાં ઘણા મહત્વપૂર્ણ એન્ટીઑકિસડન્ટ ગુણો જોવા મળે છે. જે ત્વચાને ઘણી બીમારીઓથી બચાવે છે. એલોવેરા જ્યુસ ત્વચામાં પાણીની ઉણપને પણ દૂર કરે છે. વાસ્તવમાં એલોવેરા ત્વચા માટે ખાસ ઔષધીય વનસ્પતિ છે. એલોવેરામાં વિટામિન સીની સાથે ઘણા સક્રિય કુદરતી ઘટકો જોવા મળે છે. જે મોંમાં તકતીની રચનાને અટકાવે છે. પરિણામે, મોઢામાં કોઈ દુર્ગંધ આવતી નથી. તેનો ઉપયોગ ઘણી આયુર્વેદિક ટૂથપેસ્ટ બનાવવામાં પણ થાય છે. એલોવેરા શરીરમાં સોજાની સમસ્યાથી



રાહત આપે છે. તેને ઘાવ પર લગાવવાથી ખૂબ જ ફાયદો થાય છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ અને એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણો જોવા મળે છે. જે સોજાને ઓછો કરવામાં મદદરૂપ છે. દેશના તમામ ભાગોમાં એલોવેરા સરળતાથી ઉગાડી શકાય છે.તે સૂકી જમીન પર ગમે ત્યાં ઉગાડી શકાય છે. એલોવેરાની ખેતીમાં બહુ ઓછા પાણીની જરૂર પડે છે.જેથી મોટી સંખ્યામાં લોકો એલોવેરાની ખેતી કરતા હોય છે. એલોવેરા જ્યુસમાં કેલ્શિયમ, સોડિયમ, આર્યન, પોટેશિયમ, ક્રોમિયમ, મેગ્નેશિયમ, મેગેનીઝ, તાંબુ અને જસત વગેરે ખનીજ તત્વો મળે છે. પાચનશક્તિને સ્વસ્થ રાખવામાં એલોવેરા મદદરૂપ થાય છે સાથે જ તે શરીરમાંથી ઝેરી પદાર્થોને દુર કરવાની ક્ષમતા ધરાવે છે. કિચનમાં કામ કરતા સમયે કેટલીકવાર નાના મોટા ઘા થઈ જતાં હોય છે અથવા બળી જતું હોય છે. આવામાં એલોવેરાના જેલમાં વિટામિન ઈ ઓઈલ મિક્ષ કરીને એક બોટલમાં ભરીને રાખી લેવું. જ્યારે પણ આ રીતે કંઈપણ વાગી જાય આ મિશ્રણને તે ભાગ પર લગાવી દેવું, ઘા જલ્દીથી મટી જશે અને રાહત અનુભવશો. એક્ઝિમામાં એલોવેરાનો ઉપયોગ કારગર સાબિત થાય છે. તેના ગરને લગાવવાથી સમસ્યા દૂર થાય છે.

# પાચનતંત્ર મજબૂત બનાવશે આ નાનકડા પાન

કઢી પત્તા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તે શરીરની અનેક સમસ્યાો દૂર કરવા માટે સક્ષમ છે. કઢી પત્તા રક્ત પરિભ્રમણ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ સહિત વિવિધ પ્રકારના રોગોના ઉપચારમાં પણ ઘણી મદદ કરે છે, કુદરત દ્વારા આપવામાં આવેલા વિવિધ પ્રકારના વૃક્ષો અને છોડમાં ઔષધીય ગુણો જોવા મળે છે. કઢી પત્તા પણ અનેક ગુણોથી ભરપૂર છે. તેથી જો તમે ભોજનમાં કઢી પત્તાનો ઉપયોગ કરવાનું શરૂ કરો છો, તો તમે ઘણી બીમારીઓથી દૂર રહી શકો છો. આપણી ખાવા પીવાની રીતમાં બદલાવ આવી રહ્યો છે. ઘણી વખત, આપણે જોઈએ છીએ કે મોટાભાગની સમસ્યાઓ આપણા પાચન તંત્ર સાથે સંબંધિત હોય છે. જો આ



સમસ્યા ચાલુ રહે તો તે ઘણી બીમારીઓ શરીરમાં ઘર કરી જાય છે. તેથા જો તમે સવારે ચારથી પાંચ કઢી પત્તા ચાવવાનું શરૂ કરો છો, તો તે પાચનમાં સુધારો કરે છે. આજના સમયમાં દરેક વ્યક્તિ સ્થૂળતાથી પરેશાન છે. આવી સ્થિતિમાં, જો તમે દરરોજ સવારે આઠથી દસ કઢા પત્તાને સારી રીતે ધોઈને ખાલી પેટ ચાવવાનું શરૂ કરો. આ ઉપાય તમને સ્થૂળતાની સમસ્યાથી રાહત આપશે. કારણ કે તેમાં એવા ઔષધીય ગુણો જોવા મળે છે, જે સ્થૂળતા ઘટાડવામાં મદદરૂપ માનવામાં આવે છે. આજકાલ લોકો નાની ઉંમરમાં જ વાળ ખરવા અને વાળ સફેદ થવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. બજારમાં મળતા હેર ઓઈલ અને કલર વાળને ક્યાંકને ક્યાંક નુકસાન પણ કરે છે. આવી સ્થિતિમાં જો તમે તમારા વાળમાં કઢી પત્તાના તેલનો ઉપયોગ કરવાનું શરૂ કરશો, તો તમારી વાળ ખરવાની સમસ્યા પણ બંધ થઈ જશે અને તમારા વાળ કાળા અને ઘટ્ટ થઈ જશે. ઉનાળામાં, ઘણીવાર એવું જોવા મળે છે કે ખોરાક ખાધા પછી, લોકોને ઝાડા સહિત અન્ય પ્રકારની સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે.

# શું તમારી યાદશક્તિ ઘટી રહી છે? કરો આ કામ, મળશે અસરકારક પરિણામ



ડિપ્રેશન વર્તમાન સમયની સૌથી મોટી સમસ્યા છે. પરિણામે લોકો અનેક માનસિક બીમારીઓનો શિકાર બની રહ્યા છે. જેની અસર તેમની યાદશક્તિ પર પડી રહી છે. તેથી અમે રોજિંદા જીવનમાં કરવા લાયક એવા કાર્યો વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જે તમારી યાદશક્તિનો વિકાસ કરશે. વર્તમાન સમયની સૌથી મોટી સમસ્યા છે ડિપ્રેશન. આ માનસિક હતાશાના હાથમાંથી મન અને મગજના વિવિધ પ્રકારના જટિલ રોગો આવી રહ્યા છે. યુવાનો માનસિક બીમારીથી વધુ પીડિત જણાય છે. વર્તમાન સમયમાં યુવાનો ડિપ્રેશનનો શિકાર બની રહ્યા છે. જેથી તેઓ માનસિક બીમારીથી પીડાઈ રહ્યા છે. જેની તેઓની યાદશક્તિ પર અસર પડે છે. તેઓ ભુલકણા થઈ જાય છે. જો વારંવાર આવું થાય તો તાત્કાલિક સારવાર લેવાની જરૂર છે. રોજિંદા જીવનમાં કંઈક એવી પ્રવૃત્તિઓ કરવી જોઈએ. જે આપણી યાદશક્તિનો વિકાસ કરે છે. આ પ્રવૃત્તિઓ કરવા માટે ઘરની બહાર જવાની જરૂર નથી. ઘરે બેઠા જ યાદશક્તિ વધારવાના ઉપાયો કરી શકાય છે. અપૂરતિ ઊંઘ યાદશક્તિમાં ઘટાડો થવાનું પહેલું કારણ છે. જો ઓછી ઊંઘ આવે કે અનિદ્રાની સમસ્યા હોય તો અનેક રોગો શરીરમાં ઘર કરી જાય છે. રાત્રે ૭ થી ૮ કલાકની સતત ઊંઘ જરૂરી છે. પૂરતી ઊંઘ યાદશક્તિમાં સુધારો કરે છે. રોજિંદા આહારમાં ભાત, રોટલી, દૂધ, માછલી, ફળ, શાકભાજી રાખવા ખૂબ જરૂરી છે. ખાસ કરીને મગજ જરૂરી હોય એવા પોષક તત્ત્વોવાળો ખોરાક ખાવો જોઈએ. જેથી મગજને પૂરતું પ્રોટીન મળશે અને યાદશક્તિનો વિકાસ થશે. જ્યારે કામનું દબાણ વધે છે અથવા ચિંતા વધે છે, ત્યારે ઘણા લોકો સિગારેટ પીવે છે. ઘણા લોકો માને છે કે નિકોટિન તેમને હળવા બનાવે છે. જો કે, લાંબા ગાળાનું વ્યસન પણ યાદશક્તિને અસર કરી શકે છે. તેથી સિગરેટનું વ્યસન પણ ન કરવું જોઈએ. યાદશક્તિ વધારવા માટે દરરોજ ઓછામાં ઓછું ૧૫ મિનિટ ધ્યાન કરવું જોઈએ. ધ્યાન શરીર અને મન બંને માટે ખૂબ ફાયદાકારક છે. આખા દિવસના કામને સમયમાં વિભાજિત કરવું જોઈએ. જેમાં વચ્ચે થોડો સમય ધ્યાન માટે કાઢવો જોઈએ. ડિપ્રેશન શું છે? જો વ્યક્તિ બે સપ્તાહથી વધુ સમય ઉદાસીનતા, બેચેની, સુસ્તતાનો અનુભવ કરે તો તબીબી ભાષામાં તેને ડિપ્રેશન કહી શકાય. વહેલા નિદાનથી વ્યક્તિને ડિપ્રેશનમાંથી બહાર લાવી શકાય છે.

BOLLYWOOD NEWS FLASH

# કલ્કિમાં કેમિયોની સરપ્રાઈઝ સ્ટાર્સ સાથે ડાયરેક્ટર્સ ચમક્યાં



## દુલકર સલમાન, વિજય દેવરકોંડા, મૃણાલ ઠાકુર, એસએસ રાજામૌલિ, રામગોપાલ વર્માની ફિલ્મમાં ઝલક

સમગ્ર દેશ જેની આતુરતાથી રાહ જોતો હતો એવી ફિલ્મ ‘કલ્કિ એડી ૨૮૯૮’ અંતે ગુરુવારે રિલીઝ થઈ ચૂકી છે અને બોક્સઓફિસ પર ઘણી સારી શરૂઆત કરી છે. તેની ભવ્યાતિભવ્ય સ્ટાર કાસ્ટ, ભવિષ્યની દુનિયાનું વર્ણન અને દંતકથાત્મક વાર્તા માટે આ ફિલ્મ પહેલાંથી જ ચર્ચામાં રહી છે. ટ્રેલર પરથી જ ખ્યાલ આવી જતો હતો કે આ મોટા પડદે જોવા જેવી ફિલ્મ છે. એ બધી જ અપેક્ષાઓ પર આ ફિલ્મ ખરી ઉતરતી જણાય છે. સાથે જ દર્શકો માટે ફિલ્મી હસ્તીઓના મોટી સંખ્યામાં કેમિયોથી આ ફિલ્મ દર્શકોને ઘણી સરપ્રાઈઝ આપી છે. આ એક એવી અપવાદ ફિલ્મ બની છે, જેમાં કદાચ સૌથી વધુ કેમિઓ જોવા મળ્યા છે. મૃણાલ ઠાકુરએ સાઉથની ઘણી ફિલ્મોમાં સારું પ્રદર્શન કર્યું છે. તેનો આ ફિલ્મની શરૂઆતમાં જ એક મહત્વનો રોલ છે. તેના બે કોસ્ટાર વિજય દેવરકોન્ડા અને દુલકર સલમાન પણ આ ફિલ્મમાં રસપ્રદ પાત્રોમાં જોવા મળે છે. આટલેથી મહેમાન કલાકારોની યાદી અટકતી નથી. હંમેશા નીડરપણે સાચું કહી દેવા માટે જાણીતા ફિલ્મ મેકર રામગોપાલ વર્મા આ ફિલ્મમાં એક રમુજી રોલમાં જોવા મળે છે. રસપ્રદ વાત એ છે કે સમગ્ર દેશમાંથી ફિલ્મ જોનારા લોકોનો પ્રતિસાદ છે કે, તેમના દૃશ્યમાં થિએટરમાં તાળીઓ અને સિટીઓ વાગે છે. અંતે જેણે બાહુબલી અને આરઆરઆર જેવી લોકપ્રિય ફિલ્મો બનાવી છે તે એસ.એસ.રાજામૌલી પણ આ ફિલ્મમાં એક જોરદાર પાત્ર ભજવતા દેખાય છે અને તેમના ડાયલોગ ફિલ્મના મનોરંજનમાં વધારો કરે છે. નાગ અશ્વિન દ્વારા ડિરેક્ટેડ ‘કલ્કિ એડી ૨૮૯૮’માં પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદૂકોણ, કમલ હસન, દીશા પટ્ટણી મુખ્ય ભૂમિકાઓમાં છે. ફિલ્મના નામ પરથી જ ખ્યાલ આવી જાય છે, તેમ આ ફિલ્મની સ્ટોરી ભવિષ્યની કથા એક પૌરાણિક કથાના સંદર્ભ સાથે કહે છે.

# ક્રિતિ અને તાપસી વચ્ચે વધતી ફ્રેન્ડશિપ

ક્રિતિ સેનન અને તાપસી પન્નુ ઓનસ્ક્રીન ભલે એકબીજાના હરિફ ગણાતા હશે પરંતુ ઓફ સ્ક્રીન તેઓ બંને એકબીજા સાથે ઘણો હૂંફાળો સંબંધ ધરાવે છે. ગઈ કાલે મોડી રાત્રે લેખક અને પ્રોડ્યુસર કનિકા ધિલ્લોં આ બંનેની કોમન ફ્રેન્ડ છે. તેણે આ બંનેની તસવીરો પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શેર કરી હતી, જેમાં તાપસી અને ક્રિતિ સાથે મજા કરતી જોવા મળે છે. ક્રિતિ બ્લૂ ડેનિમ અને વ્હાઈટ ટોપમાં હતી જ્યારે તાપસીએ વ્હાઈટ સ્કર્ટ અને બ્લૂ ટોપ પહેર્યું હતું. તેમણે બંનેએ તાહિરા કશ્યપની ફિલ્મ ‘શર્માજી કી બેટી’ના સ્ક્રિનિંગમાં હાજરી આપી હતી. કનિકાએ પોતાની સ્ટોરીની કેપ્શનમાં લખ્યું હતું કે,“આ છે મારું ૨૦૨૪, મારી લવલી બ્યૂટીઝ સાથે બંને જોરદાર. અમને શુભેચ્છાઓ.” કૃતિ પર જ્યારે, તેણીની બહુમુખી ભૂમિકાઓ અને દોષરહિત ફેશન સેન્સ માટે જાણીતી હતી, અદભૂત અભિનેત્રીએ તાજેતરમાં લંડનમાં સારી રજાઓ ગાળ્યા પછી મુંબઈ પરત ફર્યા. અભિનેત્રી, જે સોશિયલ મીડિયા પર તેના લંડન સમયની ઝલક શેર કરી રહી છે, તે મુંબઈ એરપોર્ટ પર જોવા મળી હતી. ક્રિતિ તેના વર્સેટાઈલ રોલ અને ફેસનિ સેન્સ માટે જાણીતી છે, તે હમણાં જ લંડનમાં સરસ વેકેશન



ગાળીને મુંબઈ પાછી ફરી છે. તે પોતાના સોશિયલ મીડિયા દ્વારા પોતાની લંડનની સફરની ઝલક આપતી રહી હતી. તમારા લુક્સ કોને આજ એક્સટ્રેસ ને ખૂબ સુર્બિયન બંટોરી. તેમની ટોપ ટૂ બૉટમ લુકની વાત કરો તો કૃતિ ને પોની ટેલ ટેલ થી તે હીં બ્રાઉન ગ્લાસેસ ઈન પર ખૂબ જ જચ છે. હીં સ્ટાઈલિસ નેટ ટોપ અને રિપડ જીન્સમાં અને કેટલા કેજુઅલ ફોર્મમાં દેખીં. આ લુકની સ્ટિલ્સ સ્લાઈડસ લોન્ચ બેગ સાથે કમ્પ્લીટ હતી. કૃતિના અપકમિંગ પ્રોજેક્ટ્સની વાત તેમના હાથોમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સ છે. હાલમાં જ તેમની એન્ટ્રી વગેરે સ્ત્રી જેવી બિગ બજેટ અને બિગ સ્ટાર મૂવીમાં છે. આ ફિલ્મમાં ક્રિતી સેનન સીતાનો રોલ પ્લે કરવા જઈ રહી છે.

## પરિણીતિએ ‘ચમકીલા’ માટે કઈ રીતે વજન વધાર્યું, તેની વાત કરી

# આજે એવી કેટલી હિરોઈન હશે, જે ૧૬ કિલો વજન વધારવા તૈયાર હોય?


## કોઈ પણ પ્રકારના ખચકાટ વિના ‘ચમકીલા’ માટે પોતાની જાતને સમર્પિત કરી હતી

પરિણીતિ ચોપરાએ છેલ્લે દિલજિત દોસાંજ સાથે ‘ચમકીલા’માં કામ કર્યું હતું. તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યૂમાં યોગ્ય ફિલ્મોની પસંદગી અને દરેક કામને અલગ રીતે કરવાની કોશિશ અંગે વાત કરી હતી. ભવિષ્યના પ્લાન વિશે વાત કરતા પરિણીતિએ આ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે તેને હવે એવી જ ફિલ્મો પસંદ કરવા પર ધ્યાન આપવું છે જેની સાથે તે દિલથી જોડાઈ શકે. તેણે કહ્યું હતું કે તેણે ભૂતકાળમાં એવી ફિલ્મોમાં પણ કામ કર્યું જેમાં તેને પોતાને પૂરતો વિશ્વાસ નહોતો. આગળ પરિણીતિએ જણાવ્યું કે, તેને હવે એવા રોલ કરવા છે, જે પડકારરૂપ હોય અને તેમાં સારું પરફોર્મ કરવા માટે તેને ખાસ અલગ પ્રકારની મહેનત કરવી પડે. પરિણીતિએ આગળ



જણાવ્યું કે, તેણે કોઈ પણ પ્રકારના ખચકાટ વિના ‘ચમકીલા’ માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. પરિણીતિએ જણાવ્યું કે, તેણે આ રોલ માટે ૧૬ કિલો વજન વધાર્યું હતું. તેણે કહ્યું કે, આજકાલ હિરોઈનોમાં કામ માટે આટલું સમર્પણ મળવું મુશ્કેલ છે.પરિણીતિએ એ પણ કહ્યું કે તેણે અને દિલજીતે આ ફિલ્મ માટે ઘણી રૂઢિગત બાબતોને પડકારીને નવી રીતે કામ કરવાની કોશિશ કરી હતી. જેમકે, તેમણે ફિલ્મ માટેના ગીતો સ્ટુડિયોમાં રેકોર્ડ કરવાને બદલે ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીના માર્ગદર્શન સાથે સેટ પર જ ગાયાં હતાં. તેમના આ નિર્ણયો અને કામમાં મહેનતને કારણે જ લોકોએ આ ફિલ્મ પોતાની લાગી. પરિણીતિ જીવનમાં આગળ પણ આ પ્રકારના ક્રિએટિવ રિસ્ક લેવા ઈચ્છે છે.

# કમલ હાસને ૧૯૯૬માં ‘ઇન્ડિયન’ ન કરવા માટે પોતાની ફી વધારી હતી




## તમિલ સુપરસ્ટાર કમલ હાસન હવે કલ્કીના રિલીઝ પછી ‘ઇન્ડિયન ૨’ની રિલીઝની તૈયારીમાં લાગી ગયા છે

તમિલ સુપરસ્ટાર કમલ હાસન હવે કલ્કી પછી ‘ઈન્ડિયન ૨’ની રિલીઝની તૈયારીમાં લાગી ગયા છે, આ સિક્વલ ૨૮ વર્ષ પછી આવી રહી છે. આ ફિલ્મનું હિન્દી વર્ઝન ‘હિન્દુસ્તાની ૨’ કહેવાશે. મુંબઈમાં તેના ટ્રેલર લોંચ માટે એક ઈવેન્ટનું આયોજન થયું હતું. જેમાં કમલ હસને ખુલાસો કર્યો હતો કે તેઓ શરૂઆતમાં ‘ઈન્ડિયન’ કરવા ઈચ્છતા નહોતા. તેથી તેમણે પોતાની ફી પણ વધારી દીધી હતી જેથી શંકર પોતાની ઓફર પાછી ખેંચી લે. ઊલટું તેમણે ફીની ડિમાન્ડ પૂરી કરી દીધી. કમલ હાસને કહ્યું,“આજે તમે જે અનુભવી શંકરને જુઓ છો, તેને પહેલી ફિલ્મથી જોયો છે, એ બહુ જ આત્મવિશ્વાસુ છે. હકીકત એવી છે કે મને આ ફિલ્મ કરવાની બહુ ઈચ્છા નહોતી. કારણ કે મારી પાસે આવી જ બીજી એક ફિલ્મની ઓફર હતી. કલાકારોને આવો પ્રોબ્લેમ હોય છે, કે તેમણે આ ફિલ્મ કરવી છે અને બીજી નથી કરવી. મને પણ એવો જ પ્રોબ્લેમ હતો. પણ એણે એ વાત ધ્યાનમાં જ ન લીધી. તેથી મેં મારી ફી વધારી દીધી હતી, પરંતુ પ્રોડ્યુસર્સ ડગ્યા નહીં. આ સજ્જને(શંકર –ડિરેક્ટર) કહ્યું કે હું ફિલ્મ બનાવીશ તો, આની સાથે જ બનાવીશ. એ કોઈ એક અનુભવી ડિરેક્ટરની જેમ આત્મવિશ્વાસથી ભરપુર હતો, તેનાથી મને ઘણું આશ્ચર્ય થયેલું.” શકંર અને કમલ હાસને એ પણ ખાતરી આપી હતી કે, ‘ઈન્ડિયન ૨’ પહેલી ફિલ્મની વાર્તા સાથે જોડાયેલી છે. કમલ હસન સેનાપથિના રોલમાં છે, તેની સાથે સિદ્ધાર્થ, રાજલ અગ્રવાલ, રકુલપ્રીત સિંહ, સમુથિરકણી, પ્રિયા ભવાની શંકર અને બોબી સિંહા જેવી મોટી કાસ્ટ છે. આ ઉપરાંત વિવેક નેદુમડી વેણુ જેવા બીમાર કલાકારને મોટા પડદે જીવંત કરવા માટે સીજીઆઈ અને બોડી ડબલનો પણ ઉપયોગ કર્યો છે. કલમ હસને એ પણ કહ્યું કે કોવિડ અને સેટ પર ડેથના કારણ ફિલ્મ મોડી પડી છે.



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યાવરણ સંરક્ષણ માટે રાષ્ટ્રને આપેલ "એક પેડ માં કે નામ" મંત્રને અનુસરીને આજે સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ, દાહોદ જિલ્લામાં જિલ્લા સંયોજક રાહુલભાઈ રાવત અને દેવગઢ બારીઆ તાલુકાના યુવામોરચા પ્રમુખ હરેશભાઈ પટેલ તેમજ તાલુકા સયોજક જીજ્ઞેશભાઈ પટેલ કિશોરભાઈ પટેલ યુવા બોર્ડના યુવા કેન્દ્રના યુવાનો તેમજ આર એસ પટેલ હાઈસ્કૂલની ટીમ દ્વારા સ્વામી વિવેકાનંદ વન અંતર્ગત દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના રૂઆબારી ગામ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ છોડ વરસાદની ઋતુમાં સુંદર રીતે વૃક્ષમાં રૂપાંતર થશે અને દાહોદ જિલ્લાને હરિયાળો બનાવવા માટે સંકલ્પ કર્યો હતો. આપ સર્વેને નમ્ર વિનંતી કે હરિયાળા વિસ્તારના નિર્માણ માટે વૃક્ષારોપણ અચૂક કરો.

# ઝાલોદ તાલુકાની ૯ શાળાઓમાં પુર્વ પ્રમુખ શીતલ વાઘેલા એ શાળા પ્રવેશોત્સવ કરાયો

### આંગણવાડી અને પ્રા.શાળાના પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓને પુસ્તકો અને યુનિફોર્મ સહિતની શૈક્ષણિક કિટ વિતરણ કરાયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

દાહોદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ૨૧માં 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪-૨૫'ની 'ઉલ્લાસમય ઉજવણી' થીમ સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અન્વયે પુર્વ જિલ્લા પ્રમુખ શીતલ વાઘેલા ના અધ્યક્ષ સ્થાને ઝાલોદ તાલુકાની કુલ ૯ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં ઝાલોદ તાલુકાના દાતગઢ પ્રાથમિક શાળા,બોરસદ પ્રાથમિક શાળા, કાર્તિક-ઔરવ માધ્યમિક શાળા, વખતપૂરા પ્રાથમિક શાળા, રલિયાતિભૂરા પ્રાથમિક શાળા, રલિયાતીભૂરા ઉચ્ચતર માધ્યમિક શાળા મુકામે આવેલ ઈઉચ્ચતર માધ્યમિક શાળા, મુંડાહેડા પ્રાથમિક શાળા, પાણીયા પ્રાથમિક શાળા અને પેથાપુર માધ્યમિક શાળા છે નો સમાવેશ થાય છે. બાળકો સાથે સંવાદ સાધી, બાળકોને પ્રવેશ કરાવી શાળા પ્રવેશ કીટ આપી વિદ્યારંભ કરાવ્યો તેમજ વૃક્ષારોપણ કર્યું હતું.

આ કાર્યક્રમને અનુલક્ષીને શીતલ વાઘેલા એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા ભણતરનું મહત્વ સમજાવ્યું હતું. સરકારશ્રી જ્યારે આવા કાર્યક્રમ થકી શાળા પ્રવેશોત્સવને વિદ્યાર્થીઓ



સહિત વાલીઓ માટે યાદગાર બનાવે છે તો એક જાગૃત નાગરિક તરીકે આપણે ભણતરમાં ધ્યાન આપી દેશ સહિત સમાજના વિકાસમાં સક્રિય ભાગીદારી નોંધાવીએ એમ અનુરોધ કર્યો હતો. નિવૃત્ત ડી.આઈ.જી.બી. ડી. વાઘેલા (આઈ.પી. એસ), શાળાના શિક્ષકો, સરપંચશ્રીઓ, આંગણવાડી કાર્યકર બહેનો, શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, ગામના આગેવાનો, ઉપસ્થિત રહ્યાં હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઇન્ડિયા – ગુજરાત ચેપ્ટર'ની દ્વિદિવસીય કોન્ફરન્સ



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઈન્ડિયા - ગુજરાત ચેપ્ટર'ની કૉન્ફરન્સનો અમદાવાદમાં પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનતાં આગામી પાંચ વર્ષમાં આપણે દરેક ક્ષેત્રે આત્મનિર્ભર બનીશું. અને આત્મનિર્ભરતા માટે સસ્ટેનેબિલિટી પાયાની શરત છે. વિકાસ તમામ કાર્યોના પાયામાં સસ્ટેનેબિલિટી જરૂરી છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. આપણા શહેરી આયોજનમાં પણ સસ્ટેનેબલ ડેવલપમેન્ટનો ધ્યેય રાખી પર્યાવરણ જાળવણી સાથેના સંતુલિત વિકાસથી શહેરોને લવેબલ-લિવેબલ અને સસ્ટેનેબલ બનાવવાની તેમણે હિમાયત કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે પર્યાવરણની સાથે ચાલવું એ અગત્યનું બની ગયું છે. શહેરોમાં અર્બન ફોરેસ્ટ ઊભા કરીને, ગ્રીન કવર વધારીને ગ્લોબલ વૉર્મિંગ સામે લડવું પડશે. આ ઉપરાંત રિડ્યુસ, રિયુઝ અને રિસાયક્લીંગ થકી સર્ક્યુલર ઈકોનોમીનું નિર્માણ કરીને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડીને શહેરોને હજુ વધુ લિવેબલ અને લવેબલ બનાવવા અંગેના આયોજન અને પરિસ્થિતિ નિર્માણ પણ સાથે મળીને કરવા આવશ્યક છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મિશન લાઈફ વિશે વાત કરતાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ મિશન લાઈફ અભિયાન શરૂ કરાયું છે. આ અભિયાન આપણને આવનારા પડકારોને પહોંચી વળવા પર્યાવરણની સુરક્ષા માટે પ્રેરણા આપે છે, આપણી જીવનશૈલી પર્યાવરણને સાથે લઈને ચાલે છે. મુખ્યમંત્રીએ શહેરી વિકાસને વેગ આપવા માટે આવી કૉન્ફરન્સ જેવાં આયોજન દ્વારા નક્કી કરાયેલ નિર્ણયને રાજ્ય સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ આપવા ખાતરી આપી હતી.

# રાજ્ય કક્ષાના મંત્રી બચુભાઈ ખાબડે તેમના માતા અને પરિવાર સાથે તેઓના ધાનપુર નિવાસ સ્થાન ખાતે કર્યું વૃક્ષ રોપણ



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૯ ।

ગુજરાત સરકારના મંત્રી અને દેવગઢ બારીઆના ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ સાહેબ દ્વારા તેઓ ના ધાનપુર તાલુકા ના પીપેરો ગામ ખાતે આવેલ નિવાસ સ્થાન પર તેમની માતા અને પરિવાર ને સાથે રાખી કર્યું વૃક્ષા રોપણ અને સંદેશો આપ્યો વૃક્ષ વાવો જીવન બચાઓ અને પ્રજા ને અપીલ કરી કે વધુ માં વધુ વૃક્ષ વાવો અને પર્યાવરણ બચાવવા માટે અપીલ કરી છે.

# સંજેલી તાલુકાની આગરવાડી વર્ગ પ્રાથમિક શાળા ચમારિયા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

સંજેલી તાલુકામાં આવેલ આગરવાડી વર્ગ પ્રાથમિક શાળા ચમારિયા ખાતે કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તારીખ ૨૮ જૂન ૨૦૨૪ ના રોજ શાળાના પટાંગણમાં યોજાયો હતો. જેમાં S.M.C સભ્યો, શાળાના આચાર્ય શ્રી આ.શિ, સ્ટાફ તેમજ ગામના આગેવાનો વડીલો સૌ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું અને વિદ્યાના મંદિરમાં બાળકોને કુમ કુમ તિલક કરીને પ્રવેશ અપાવ્યો હતો. આમ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ ઉમળકા ભેર રીતે સફળ બનાવવામાં આવ્યો હતો.

# આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિ 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલાં "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ વિવિધ શાળા પરિસરોમાં વૃક્ષારોપણ કર્યું હતું. મંત્રીશ્રીએ સૌ નાગરિકોને મહત્તમ વૃક્ષો વાવી તેનું જતન કરવાનું આહવાન કર્યું. મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા પર્યાવરણનું જતન કરવું એ ખૂબ જ જરૂરી છે. પર્યાવરણની જાળવણી કરવાથી આપણે સૌ ગ્લોબલ વોર્મિંગ જેવી અતિ-ઘાતક સમસ્યા સામે લડી શકીશું, તેમ તેમણે ઉમેર્યું હતું.





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાની શ્રી યુ. એચ ભટ્ટ મેમોરિયલ હાઈસ્કુલ, મુનપુર માં તારીખ ૨૮ /૬ /૨૦૨૪ ના રોજ શાળા પ્રવેશોત્સવ યોજાઈ ગયો. જે ડૉ.એચ. એન. ગોસાઈ સા. એપીડેમિક કંટ્રોલ ઓફિસર શ્રી મહીસાગરની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં લાઈઝન અધિકારી તરીકે શ્રી મહેશભાઈ પટેલ સી.આર.સી તથા શાળાના ભૂતપૂર્વ આચાર્ય શ્રી શશીકાંતભાઈ તથા મંડળના કારોબારી સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા. શાળાના બાળકો દ્વારા આમંત્રિત મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવ્યું. શાળામાં ચાલુ વર્ષે ધોરણ ૯ માં ૧૫૨ વિદ્યાર્થીઓએ તથા ધોરણ ૧૧ માં ૧૫૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. આમંત્રિત મહેમાનોનું પુસ્તક ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનો દ્વારા નવીન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક નો સેટ આપી પ્રવેશ કરાવ્યો હતો. ગયા વર્ષની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ નંબરે આવનાર તથા બાહ્ય પરીક્ષાઓમાં પાસ થનાર તેજસ્વી તારલાઓને પુસ્તક ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આમંત્રિત મહેમાનો દ્વારા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ આવેલ સ્માર્ટ ક્લાસ નું નિદર્શન કરવામાં આવ્યું હતું. શાળાના કાર્યકારી આચાર્યશ્રી તેજસભાઈ પાઠક તથા સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમ સફળ બનાવવા પોતાનું યોગદાન આપ્યું હતું. અંતમાં શાળાના ઉ. મા. વિભાગના મ. શિ. પીનલભાઈ પંડ્યા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# ઝાલોદ રામસાગર તળાવમાં ન્હાવા પડેલ બે વ્યક્તિ ડૂબી જતાં ફાયર વિભાગ દ્વારા બચાવી લેવામાં આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ નગરના રામસાગર તળાવ ખાતે બે વ્યક્તિના ડૂબી જવાના સમાચાર નગરના ફાયર વિભાગ તેમજ એમ્બ્યુલન્સને મળતા તૈયારીમાં ફાયર વિભાગના કર્મચારીઓ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ રામસાગર તળાવ ખાતે પહોંચી ગઈ હતી અને ફાયર વિભાગના ઈન્ચાર્જ બચુભાઈ અને તેમના સ્ટાફની સુંદર કામગીરી અને સમયસૂચકતા થી તળાવમાં ડૂબી રહેલ બંને વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા હતા. આ સમાચાર વાયુવેગે નગરમાં ફરતા તળાવ પર મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડેલ હતા. ત્યારબાદ ઉપસ્થિત સૌ લોકોને નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા મામલતદારના કર્મચારીઓને સાથે રાખી મોકડ્રિલ કરવામાં આવેલ છે તે સાંભળી સહુને હાશકારો થયેલ હતો અને આ યોજવામાં આવેલ મોકડ્રિલમા ફાયર વિભાગની સુંદર કામગીરીને ઉપસ્થિત સૌ લોકોએ સરાહી હતી. ગુજરાત સરકાર દ્વારા વર્ષાઋતુ ૨૦૨૪ ની પૂર્વ તૈયારીના ભાગરૂપે અચાનક આવી પડેલ આપત્તિને પહોંચી વળવા મોકડ્રિલ કરવાનું સૂચન દરેક નગરપાલિકાને કરેલ હતું. તેના ભાગરૂપે ફાયર બ્રિગેડના ઈન્ચાર્જ બચુભાઈ દ્વારા સમગ્ર ઘટનાક્રમનુ વાસ્તવિક પરિસ્થિતિ હોય તેમ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલ હતી અને તળાવમાં કોઈ ડૂબી નથી રહ્યું તે સાંભળી ઉપસ્થિત સૌ લોકોએ હાશકારો લીધો હતો.





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ તાલુકાના વગેલા જિલ્લા પંચાયત સીટ માં પેથાપુર મુકામે ૧૫માં નાણાંપંચ વર્ષ ૨૦૨૦-૨૧ની ૧૦% જિલ્લા સભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ઘનિષ્ઠ પશુસુધારણા યોજના અંતર્ગત પશુ ચિકિત્સા માટે રૂ. ૨૩.૯૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ નવીન મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું. તથા ૧૫માં નાણાંપંચ વર્ષ ૨૦૨૨-૨૩ની ૧૦% જિલ્લા સભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રાહત શિબિર તરીકે રૂપાંતરિત થઈ શકે તેવી માળખાકીય સુવિધા આપતિઓથી પીડિત લોકોના સુરક્ષિત આશ્રય અને પુનર્વસન માટે વ્યવસ્થા માટે રૂ.૭.૫૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ નવીન મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું. લોકાર્પણ કાર્યક્રમમાં પેથાપુર સરપંચ રાજેશભાઈ ગરાસિયા, તાલુકા સભ્ય નિલેશભાઈ હાંડા, આગેવાન ઈશુભાઈ લબાના તથા પશુચિકિત્સાના ડોક્ટર તથા તેમનો સ્ટાફ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજનો દિવસ આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજનો દિવસ તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. આજે તમારી પાસે મફત સમય હશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજ ના દિવસે તમે ઘરેથી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજનો દિવસ ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવાનું ભૂલી જાઓ છો.

**સિંહ (મ,ટ) :**

આજનો દિવસ મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજનો દિવસ તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે. આજે તમે ઘર ના નાના સભ્યો સાથે પાર્ક અથવા શોપિંગ મોલ માં જઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજનો દિવસ તાણની અવગણના કરતા નહીં. તે ઝડપ થી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજનો દિવસ તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. અન્યોને અપમાનિત ન કરવાનો પ્રયાસ કરજો તથા પરિવારની જરૂરિયાતોને અનુરૂપ થજો.

**ધન (ભ,ધ,ફ) :**

આજનો દિવસ ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે.

**મકર (ખ,જ) :**

આજનો દિવસ તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પ ાછી મેળવવા માટે મહત્વનો છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસ સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારૂ પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથી ને ખુશ રાખવા માં સમર્થ હશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**ન્યૂઝ બ્રિફ**

## કોલકાતાની સરકારી હોસ્ટેલમાં યુવકને માર મારવામાં આવ્યો

। (એજન્સી) કોલકાતા, તા.૨૯ ।

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં સરકારી હોસ્ટેલમાં એક વ્યક્તિને માર મારવામાં આવ્યો હતો. આ ઘટના અંગે પોલીસે જણાવ્યું કે શુક્રવારે બોબબજાર વિસ્તારની એક હોસ્ટેલમાં મોબાઈલ ફોનની ચોરીની આશંકામાં એક વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી.તેમણે કહ્યું કે મૃતકની ઓળખ ઈર્શાદ આલમ (૩૭) તરીકે થઈ છે, જે બેલગાચિયાના રહેવાસી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક ચાંદની ચોક વિસ્તારમાં ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં મિકેનિક તરીકે કામ કરતો હતો.આ ઘટના અંગે એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઈર્શાદ અગાઉ ટેલિવિઝનના સમારકામ માટે ઉદયન હોસ્ટેલમાં ગયો હતો અને છેલ્લા કેટલાક દિવસોમાં તેનો મોબાઈલ ફોન ગુમ થઈ જતાં આજે સવારે તેને ફરીથી હોસ્ટેલમાં બોલાવવામાં આવ્યો હતો.તેના પરિવારજનોએ જણાવ્યું હતું કે તેના પર મોબાઈલ ફોન ચોરવાનો આરોપ હતો અને લોકોએ તેને બાંધી અને માર માર્યો હતો. એક સંબંધીએ કહ્યું, 'તેણે અમને હોસ્ટેલમાંથી બોલાવ્યા હતા અને કહ્યું હતું કે વિદ્યાર્થીઓ તેના પર ચોરીનો આરોપ લગાવી રહ્યા છે અને પૈસાની માંગણી કરી રહ્યા છે.'ઘટનાની માહિતી મળ્યા પછી, પોલીસ હોસ્ટેલ પહોંચી અને તેને ગંભીર હાલતમાં બહાર કાઢ્યો અને કોલકાતાની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કર્યો. જ્યાં સારવાર દરમિયાન બપોરે તેનું મોત નીપજ્યું હતું.

## ગુરુગ્રામમાં બદમાશોએ એક ડઝન ગોળીઓ ચલાવી

। (એજન્સી) હરિયાણા, તા.૨૯ ।

બ્લિંકિંગ અને ઝોમેટો ટી-શર્ટ પહેરેલા બે હુમલાખોરો ગુરુગ્રામના એક માર્કેટમાં પહોંચ્યા હતા. આ પછી કાદરપુરના રહેવાસી અનુજ પર લગભગ એક ડઝન ગોળીઓ ચલાવવામાં આવી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે અનુજને લગભગ અડધો ડઝન ગોળીઓ વાગી હતી. ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કર્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. હરિયાણાના ગુરુગ્રામમાં બદમાશોની હિંમત એટલી વધી ગઈ છે કે મધ્યબજારમાં બે યુવકોએ એક ડઝન જેટલી ગોળીઓ ચલાવી. આ દરમિયાન અનુજ નામના યુવકને લગભગ ૬ ગોળી વાગી હતી. ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. તે જ સમયે, પોલીસને માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચી અને ઘટનાની તપાસ કરી. પોલીસનું કહેવું છે કે ટૂંક સમયમાં આરોપીઓને પકડી લેવામાં આવશે.આ ઘટના ઉલ્લાવાસ ગામમાં બની હતી. બ્લિંકિંગ અને ઝોમેટો ટી-શર્ટ પહેરેલા બે હુમલાખોરો અહીંના બજારમાં પહોંચ્યા હતા. આ પછી કાદરપુરના રહેવાસી અનુજ પર લગભગ એક ડઝન ગોળીઓ ચલાવવામાં આવી હતી.




કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હરિયાણાના પંચકુલામાં હરિયાણા સરકાર અને NFSU, ગાંધીનગર વચ્ચેના એમઓયુ પર હસ્તાક્ષર કરતા સાક્ષી છે.

**૭ લોકોના ઘટનાસ્થળે જ મોત**

## નાગપુર-મુંબઈ સમૃદ્ધિ હાઈવે પર ભયાનક અકસ્માત, બે કાર વચ્ચે ટક્કર

। (એજન્સી) જાલના, તા.૨૯ ।

મહારાષ્ટ્રના જાલનામાંથી પસાર થતા સમૃદ્ધિ હાઈવે પર એક ભયાનક અકસ્માત થયો હતો, જેમાં સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૧૦થી વધુ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે.મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના જાલના વિસ્તારમાં સમૃદ્ધિ હાઈવે પર કડવંચી ગામ પાસે ચેનલ નંબર ૩૭૧ મુંબઈ કોરિડોર વિસ્તારમાં રાત્રે ૧૧ વાગ્યે થઈ હતી. અહીં એક અર્ટિગા કાર નાગપુરથી મુંબઈ જઈ રહી હતી ત્યારે રોંગ સાઈડથી આવી રહેલી સ્વિફ્ટ ડિઝાયર કાર સાથે અથડાઈ હતી. આ ઘટના બાદ ૭ લોકોના મોત થયા હતા, જ્યારે ૧૦ જેટલા લોકો ઘાયલ થયા હતા.ઘટનાની જાણ થતાં જ સમૃદ્ધિ હાઈવે પોલીસ અને તાલુકા જાલના પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ક્રેઈનની મદદથી બંને કારને સાઈડમાં ખસેડી હતી. પોલીસે ઘાયલોને જાલનાની સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા.જાલના સરકારી હોસ્પિટલના ડોક્ટર ઉમેશ જાધવે જણાવ્યું કે ચાર ઘાયલ લોકોને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે, જેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર હોવાથી તેને છત્રપતિ સંભાજીનગર મોકલવામાં આવ્યો છે.

**મહિલાની બેગ અને શૂઝમાંથી મળી આવ્યું**

## ચેન્નાઈ એરપોર્ટ પરથી ૨૧ કરોડ રૂપિયાનું કોકેઈન ઝડપાયું

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૯ ।

ચેન્નાઈ એરપોર્ટ પરથી ૨૧ કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કરવામાં આવ્યું છે. ઘાનાથી ચેન્નાઈ પહોંચેલી મહિલા હવાઈ મુસાફર પાસેથી રૂ. ૨૧ કરોડની કિંમતનું ૨,૦૦૦ ગ્રામથી વધુ કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું, એમ કસ્ટમ વિભાગે શુક્રવારે જણાવ્યું હતું. પશ્ચિમ આફ્રિકાના દેશની રહેવાસી આ મહિલા ૨૬ જૂને ભારત પહોંચી હતી. ચેન્નાઈના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈન્ટેલિજન્સ અધિકારીઓએ તેને રોક્યો હતો. ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા જારી કરવામાં આવેલી એક સત્તાવાર પ્રેસ રિલીઝમાં કસ્ટમના પ્રિન્સિપલ કમિશનર આર શ્રીનિવાસ નાઈકે કહ્યું કે પૂછપરછ દરમિયાન તેમની બેગ અને જૂતામાં છુપાયેલ પાવડરના રૂપમાં ડ્રગ મળી આવ્યું હતું.નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ની સંબંધિત કલમો હેઠળ મહિલા પાસેથી રૂ. ૨૧ કરોડની કિંમતનું કુલ ૨,૦૯૫ ગ્રામ કોકેઈન રિકવર કરવામાં આવ્યું છે. તેની ધરપકડ કરવામાં આવી છે અને હાલમાં તે પુઝાલ સેન્ટ્રલ જેલમાં બંધ છે. અગાઉ, દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ એક વૃદ્ધ વ્યક્તિની ધરપકડ કરી હતી જે ડ્રગ્સથી ભરેલી અનેક કેપ્સ્યુલ્સને પેટમાં છુપાવીને ભારતમાં લાવ્યો હતો.

**ઈરાનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થયું**

## ચૂંટણીના પ્રારંભિક પરિણામોમાં કટ્ટરપંથી સઈદ જલીલી આગળ ચૂંટણીના પ્રારંભિક પરિણામોમાં કટ્ટરપંથી સઈદ જલીલી આગળ

। (એજન્સી) ઈરાન, તા.૨૯ ।

શુક્રવારે ઈરાનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન કરવામાં આવ્યું હતું. ગયા મહિને હેલિકોપ્ટર દુર્ઘટનામાં રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીના મૃત્યુ બાદ આ પદ ખાલી પડ્યું હતું. પ્રમુખપદની રેસમાં કુલ ચાર ઉમેદવારો છે. જે પ્રારંભિક પરિણામો આવી રહ્યા છે તેમાં કટ્ટરપંથી જલિલી આગળ છે.ઈરાનની રાષ્ટ્રપતિની ચૂંટણીના પ્રારંભિક પરિણામોમાં કટ્ટરપંથી સઈદ જલીલી આગળ ચાલી રહ્યા છે, જ્યારે સુધારાવાદી મસૂદ પેજેશ્કિયન બીજા સ્થાને છે. ઈરાનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે શુક્રવારે મતદાન થયું હતું. ઈરાનના રાજ્ય ટેલિવિઝન દ્વારા અહેવાલ કરાયેલા પ્રારંભિક પરિણામોમાં જલીલી સંપૂર્ણ રીતે જીતવાની સ્થિતિમાં દેખાતા ન હતા, જે સંભવિત રીતે ચૂંટણીના બીજા રાઉન્ડ માટે સ્ટેજ સેટ કરે છે.જલીલીને ૧૦ મિલિયનથી વધુ વોટ મળ્યા, જ્યારે પેજેશકિયનને ૪.૨ મિલિયન વોટ મળ્યા. અન્ય ઉમેદવાર, સંસદના કટ્ટરપંથી સ્પીકર મોહમ્મદ બાઘર કાલિબાફને લગભગ ૧.૩૮ મિલિયન મત મળ્યા હતા. શિયા ધાર્મિક નેતા મુસ્તફા પોરમોહમ્મદીને ૮૦,૦૦૦થી વધુ મત મળ્યા છે. મતદારોએ ત્રણ કટ્ટરપંથી ઉમેદવારો અને હાર્ટ સર્જન એવા સુધારાવાદી પેઝેશ્કિયન વચ્ચે પસંદગી કરવાની હતી. જેમ કે ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછીથી બન્યું છે તેમ, મહિલાઓ અને આમૂલ પરિવર્તન ઈચ્છતી મહિલાઓને ચૂંટણીમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત મોનિટર દ્વારા મતનું નિરીક્ષણ કરવામાં આવ્યું ન હતું.તમને જણાવી દઈએ કે રાષ્ટ્રપતિ પદ માટે કુલ ૮૦ લોકોએ અરજી કરી હતી. પરંતુ બાદમાં માત્ર છ નામોને જ મંજૂરી આપવામાં આવી હતી. ત્રણ વખત સંસદના સ્પીકર રહી ચૂકેલા અલી લારિજાનીએ પણ રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા માટે અરજી કરી હતી, પરંતુ તેમના નામને પણ મંજૂરી આપવામાં આવી ન હતી.સઈદ જલીલી રાષ્ટ્રીય સુરક્ષા આયોગ (NSC)ના પૂર્વ સચિવ રહી ચૂક્યા છે. તેઓ દેશના મુખ્ય પરમાણુ વાટાઘાટકાર રહ્યા છે. તેમણે પરમાણુ હથિયારોને લઈને પશ્ચિમી દેશો અને ઈરાન વચ્ચેની વાતચીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે પરમાણુ હથિયારો અંગે આક્રમક વલણ અપનાવ્યું છે.

## ડોનાલ્ડ ટ્રમ્પ આપણી લોકશાહી માટે ખતરો છે : રાષ્ટ્રપતિ જો બિડેન

### હાલના રાષ્ટ્રપતિ અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બિડેન અને રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુકાબલો છે

। (એજન્સી) યુ.એસ.એ. તા.૨૯ ।

અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવા જઈ રહી છે. હાલના રાષ્ટ્રપતિ અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બિડેન અને રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુકાબલો છે. ગુરુવારે (અમેરિકન સમય) બંને વચ્ચે પ્રથમ રાષ્ટ્રપતિની ચર્ચા થઈ હતી. હવે બિડેન અને ટ્રમ્પ શુક્રવારે પોસ્ટ ડિબેટ રેલી યોજવાના છે.ભારતીય સમય અનુસાર શુક્રવારે રાત્રે ઉત્તર કેરોલિનાના રેલેમાં યુએસ પ્રમુખ જો બિડેને ફેટ જો અને ઈ-૪૦ જેવી હસ્તીઓ સાથે રેલી યોજી હતી. બંને કલાકારો ફેટ જો અને ઈ-૪૦ એ રેલીમાં પરફોર્મન્સ આપ્યું હતું. નોર્થ કેરોલિનાના ગવર્નર રોય કૂપર અને એટની જનરલ જોશ સ્ટેઈન પણ તેમની સાથે હાજર હતા.બિડેને કહ્યું, 'આ ચૂંટણીમાં તમારી સ્વતંત્રતા, તમારી લોકશાહી અને ખુદ અમેરિકા દાવ પર છે.' તેણે કહ્યું, 'ટ્રમ્પ બદલો લેવાથી પ્રેરિત છે. પણ સત્ય એ છે કે બદલો લેવાથી ક્યારેય કંઈ મોટું થતું નથી. ટ્રમ્પ આ દેશ માટે ખતરો છે.અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું, 'તે આપણી સ્વતંત્રતા માટે ખતરો છે. તે આપણા લોકતંત્ર માટે ખતરો છે. તે અમેરિકા જે કંઈ કરે છે તેના માટે તે ખતરો છે. બિડેને કહ્યું, 'મિત્રો, હવે હું પહેલાની જેમ સરળતાથી ચાલી કે વાત કરી શકીશ નહીં. હું કદાચ પહેલાની જેમ ચર્ચા કરી શકીશ નહીં. પણ હું જાણું છું કે સત્ય કેવી રીતે બોલવું.ગુરુવારે એટલાન્ટામાં બિડેન અને ટ્રમ્પ વચ્ચે રાષ્ટ્રપતિ પદની ચર્ચા ૯૦ મિનિટ ચાલી હતી, જેનું આયોજન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રથમ રાષ્ટ્રપતિની ચર્ચા, સામાન્ય રીતે રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા સપ્ટેમ્બરની આસપાસ યોજાય છે, તે ઘણા મહિનાઓ પહેલા થઈ હતી. આ ચર્ચામાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધ, રશિયા-યુક્રેન યુદ્ધ, ચીન-યુએસ સંબંધો, ગર્ભપાત, બંદૂકની હિંસા, ટેક્સ, મોંઘવારી, બેરોજગારી, ક્લાઈમેટ ચેન્જ અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ જેવા મુદ્દાઓ પર જોરદાર ચર્ચા થઈ હતી.આ ચર્ચા અમેરિકામાં વધતી મોંઘવારીના મુદ્દાથી શરૂ થઈ હતી. બિડેને ટ્રમ્પ પર આરોપ લગાવ્યો હતો કે ટ્રમ્પે રાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી તેમને વારસામાં એવી અર્થવ્યવસ્થા મળી હતી જે ખરાબ સ્થિતિમાં હતી. બિડેને કહ્યું કે તેણે મોટા પાયે નોકરીઓ ઊભી કરી અને દવાઓની વધતી કિંમતોને કાબૂમાં લીધી. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે બિડેન સરકારના શાસનમાં મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અમેરિકા આવ્યા છે.

## ઘરની બહાર હંગામો મચાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી

### દિલ્હીમાં મારા ઘરને કેટલી વાર નિશાન બનાવવામાં આવ્યું તેની ગણતરી હવે હું ગુમાવી ચૂક્યો છું : ઓવૈસી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હીમાં AIMIM સુપ્રીમો અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીના સત્તાવાર આવાસની બહાર સૂત્રોચ્ચાર કરનારા અને કાળો રંગ ફેંકનારાઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. શુક્રવારે માહિતી આપતા અધિકારીઓએ કહ્યું કે પોલીસે આ મામલે કેસ નોંધ્યો છે.પીટીઆઈ અનુસાર, દિલ્હી પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૫૦૬, ૧૫૩છ અને ૧૪૭ હેઠળ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. ગુરુવારે ઓવૈસીના ઘરે હંગામો મચાવનારા લોકોની શોધ કરવામાં આવી રહી છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.વાસ્તવમાં, ગુરુવારે લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ દાવો કર્યો હતો કે અજાણ્યા બદમાશોએ તેમના દિલ્હીના આવાસ પર કાળી શાહી ફેંકી હતી. ઓવૈસીએ ટ્વીટ કરીને આ જાણકારી આપી હતી. તેણે ટ્વિટમાં કહ્યું હતું કે કેટલાક 'અજાણ્યા બદમાશો'એ મારા ઘર પર કાળી શાહી ફેંકી હતી. દિલ્હીમાં મારા ઘરને કેટલી વાર નિશાન બનાવવામાં આવ્યું તેની ગણતરી હવે હું ગુમાવી ચૂક્યો છું. જ્યારે મેં દિલ્હી પોલીસ અધિકારીઓને પૂછ્યું કે આ બધું તેમના નાક નીચે કેવી રીતે થઈ રહ્યું છે, તો તેઓએ તેમની લાચારી વ્યક્ત કરી.ટ્વીટમાં ઓવૈસીએ ગૃહમંત્રી અમિત શાહને ટેગ કરીને પૂછ્યું કે આ બધું તમારી દેખરેખમાં થઈ રહ્યું છે. તેમણે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પણ ટેગ કરીને કહ્યું કે કૃપા કરીને અમને જણાવો કે સાંસદોની સુરક્ષાની ખાતરી આપવામાં આવશે કે નહીં. મારા ઘરને નિશાન બનાવનારા ઓછા ખર્ચે ગુંડાઓથી હું ડરતો નથી. આ સાવરકર-પ્રકારનું કાયર વર્તન બંધ કરો અને મારો સામનો કરવા હિંમત ભેગી કરો. શાહી ફેંક્યા પછી અથવા પથ્થર ફેંક્યા પછી ભાગશો નહીં.આ હુમલો કોઈ અલગ ઘટના નથી. ઓવૈસીના દિલ્હીના આવાસને ઘણી વખત નિશાન બનાવવામાં આવ્યું છે. ગયા વર્ષે ઓગસ્ટમાં દિલ્હીના અશોકા રોડ સ્થિત હાઈ સિક્યોરિટી વિસ્તારમાં ઓવૈસીના ઘરના દરવાજા પર બે કાચ તૂટેલા જોવા મળ્યા હતા. આ પહેલા ફેબ્રુઆરીમાં બદમાશોએ એન્ટ્રી ગેટ પર પથ્થરમારો કરીને તેની નેમપ્લેટ તોડી નાખી હતી. તે સમયે ઓવૈસીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે ૨૦૧૪ પછી તેમના નિવાસસ્થાન પર આ ચોથો હુમલો છે.૨૦૨૨માં ઉત્તર પ્રદેશમાં સાંસદના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો.

**વિશેષ**

**સોજીત્રા તથા આંકલાવમાં મોકડ્રીલ યોજાઈ**

# પ્રિ- મોન્સુન પૂર્વ તૈયારીના ભાગરૂપે આણંદ જિલ્લામાં તાલુકાકક્ષાએ મોકડ્રીલનું આયોજીત કરાઈ







। (માહિતી) આણંદ ।

પ્રિ મોન્સુન પૂર્વ તૈયારીના ભાગરૂપે ભારે વરસાદના કારણે પુર જેવી પરિસ્થિતિ ઉભી થવાની સ્થિતિમાં જાનમાલમાં ઓછું નુકશાન થાય તે માટે જિલ્લાના નાગરિકો સતર્ક રહે તેમજ જિલ્લા વહીવટીતંત્રના દરેક વિભાગ તેમની નિયત કાર્યપદ્ધતિ અનુસાર કામગીરી કરે તે માટે જિલ્લા તથા તાલુકા કક્ષાએ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત આણંદ જિલ્લાના આંકલાવ અને સોજીત્રામાં જુદા જુદા સ્થળોએ મોકડ્રીલ યોજવામાં આવી હતી.

જે અન્વયે બચ્ચોકા મદ્રેશા, સોજીત્રા આણંદ રોડ ખાતે લાયઝન અધિકારી અને નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી એચ ઝેડ ભાલિયા, જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી ડૉ.એન્જેલા ગામડિયાના માર્ગદર્શન હેઠળ સોજીત્રા તાલુકા વહીવટી તંત્ર દ્વારા ફલડ મોકડ્રીલનું આયોજન કરાયું હતું.મોકડ્રીલ સંદર્ભે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે અન્ય વ્યક્તિ દ્વારા બચ્ચો કા મદ્રેશા સોજીત્રા ખાતે અવેલ નહેર પાસે ડૂબવાનો મેસેજ થકી જિલ્લા કંટ્રોલ રૂમ ખાતેથી જાણ કરતા તાલુકા સંલગ્ન કચેરીઓને જાણ કરી તેઓ દ્વારા બનાવ બનવાના સંદર્ભમાં મળેલ સંદેશ અનુસાર ત્વરીત પ્રતિભાવ દાખવવામાં આવેલ બનાવના સ્થળે જાહેર જનતા એકઠી થઇ જતા જિલ્લા ડિઝાસ્ટર કચેરી દ્વારા યોજવામાં આવેલ મોકડ્રીલ સંદર્ભે ઉપસ્થિત લોકોને માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત આંકલાવ તાલુકાના ઉમેટા ગામ ખાતે લાઈઝન અધિકારીશ્રી એસ ડી પટેલના માર્ગદર્શન હેઠળ મોકડ્રીલનું આયોજન હાથ ધરાયું હતું. જેમાં નાગરિકો પ્રિ-મોન્સુન અંતર્ગત મહીસાગર નદીમાં વધારે પાણી આવવાથી પુર જેવી સમસ્યા સર્જાય ત્યારે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તથા ડૂબતી વ્યક્તિનો જીવ બચાવી શકાય તેનું નિદર્શન કરતી મોકડ્રીલ યોજવામાં આવી હતી.

આ મોકડ્રીલ પ્રસંગે મામલતદારશ્રી જી.જી. કાપડિયા, ચીફ ઓફિસરશ્રી નિલમ રોય તથા તાલુકા આરોગ્ય અધિકારીશ્રી આઈ કે પ્રજાપતિ, મેડિકલ ઓફિસર, ૧૦૮ ઈમરજન્સી સેવા વગેરે કચેરીના અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યુઝ બોક્ષ

### રાજ્યના મુખ્ય નવા ચૂંટણી કમિશનર તરીકે હરિત શુક્લાની નિમણૂંક

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

પી. ભારતીની જગ્યાએ હવે રાજ્યના મુખ્ય નવા ચૂંટણી કમિશનર તરીકે હરિત શુક્લાની નિમણૂંક કરવામાં આવી છે. હરિત શુક્લા ૧૯૯૯ ની બેંચના આઈએએસ અધિકારી છે. તેઓ પહેલાં ટુરિઝમ અને એવિએશનમાં પ્રિન્સિપાલ સેક્રેટરી હતા. હરિત શુક્લાની ટુરિઝમ વિભાગમાંથી બદલી કરીને રાજ્યના મુખ્ય નવા ચૂંટણી કમિશનર તરીકે નિમણૂંક થઈ છે. જોકે કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા કેટલાક સમયથી પી.ભારતી રાજ્યના મુખ્ય ચૂંટણીની અધિકારીની જવાબદારીમાંથી મુક્ત થવા માંગતા હતા.

### ભારે વરસાદના પગલે પેસેન્જર પિકઅપ એરિયાની કેનોપી ધરાશાયી

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી. અહીં પણ કદાચ દિલ્હી એરપોર્ટના ટર્મિનલ-૧ જેવી જ દુર્ઘટના થાત. હીરાસર ખાતે આવેલા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટર્મિનલની બહાર પેસેન્જર પિકઅપ-ડ્રોપ એરિયામાં લાગેલી કેનોપી વહી ગઈ હતી. જોકે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. પીએમ મોદીએ જુલાઈ ૨૦૨૩માં જ રાજકોટ એરપોર્ટના નવા ટર્મિનલ ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ એરપોર્ટ ૧૪૦૦ કરોડથી વધુના ખર્ચે બન્યું હતું. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરએક મોટો અકસ્માત ટળી ગયો હતો. અહીં પણ દિલ્હી એરપોર્ટના ટર્મિનલ-૧ જેવી દુર્ઘટના થતાં થતાં બચી ગઈ હતી. રાજકોટ હીરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટર્મિનલની બહાર પેસેન્જર પિકઅપ-ડ્રોપ એરિયામાં ઉપર લાગેલી કેનોપી તૂટી પડી હતી. જોકે સદનસીબી કોઇ જાનહાનિ સર્જાઇ નથી. પીએમ મોદીએ જુલાઈ ૨૦૨૩ માં રાજકોટ એરપોર્ટની નવી ટર્મિનલ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૧૪૦૦ કરોડ કરતાં વધુ ખર્ચે આ એરપોર્ટનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. શહેરના રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની ઘટનાના એક દિવસ પહેલાં શુક્રવારે દિલ્હી એરપોર્ટના ટર્મિનલ પર ૧ ની ઘટનામાં એક વ્યક્તિનું મૃત્યું નિપજ્યું હતું.

### બે રિક્ષા અને કાર વચ્ચે અકસ્માતમાં ચારને ઈજા

। (એજન્સી) જામનગર, તા.૨૯ ।

જામનગરમાં સતત અકસ્માતોના બનાવમાં વધારો થઈ રહ્યો છે. શુક્રવારે રણજીત નગર પટેલ પાસે બે રીક્ષા અને કારનો ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. ત્યારે હવે ઘોરીવાવની ગોલાઇ પાસે બેફામ ઓવરસ્પીડે કાર હંકારી રહેલા ચાલકે રીક્ષાને ટક્કર મારતાં રીક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં રીક્ષા ચાલક અને તેમાં સવાર ૩ મુસાફરોને ઈજા પહોંચતાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને લઈને ક્રોધે ભરાયેલા ટોળા કારને આગ ચાંપી દીધી હતી જેથી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બીજી તરફ જામનગરમાં રણજીત નગર પટેલ સમાજ પાસે ગઈકાલે બપોરના સમયે બે ઓટોરિક્ષા અને એક કાર વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. સદભાગ્ય ત્રણેય વાહનોમાં બેઠેલી કોઈ વ્યક્તિને ઈજા થઈ ન હતી, પરંતુ ત્રણેય વાહનોમાં નુકસાની થઈ હતી. આ બનાવ સમયે લોકોના ટોળા એકઠા થયા હતા. જામનગરના રણજીત નગર પટેલ સમાજ પાસે ગઈકાલે બપોરના સમયે જી.જે.-૧૦-સી.જી. ૭૮૮૬ નંબરની કાર પસાર થઈ રહી હતી.

## બીલીમોરામાં ખુલ્લી ગટરમાં છ વર્ષની બાળકી પડી ગઈ

### ૨૨ કલાક બાદ બાળકીનો મૃતદેહ મળી આવ્યો

। (એજન્સી) નવસારી, તા.૨૯ ।

ગુજરાતમાં ચોમાસાની શરુઆત થઈ ગઈ છે. ત્યારે ચોમાસામાં ખુલ્લી ગટરથી લોકોને જીવનું જોખમ રહે છે. અગાઉ ખુલ્લી ગટરમાં પડી જવાથી અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે આવી જ વધુ એક ઘટના નવસારી જિલ્લામાં બની છે. જેમાં બીલીમોરામાં છ વર્ષની બાળકી રમતા રમતા ખુલ્લી ગટરમાં પડી ગઈ હતી. બાળકીને શોધવા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જો કે, ૨૨ કલાક બાદ અંબિકા નદીમાંથી બાળકીનો મૃતદેહ મળ્યો હતો.

નવસારી જિલ્લાના બીલીમોરામાં ૨૮મી જૂનના રોજ એક છ વર્ષની બાળકી બપોરના સમયે રમતા રમતા ખુલ્લી ગટરમાં ખાબકી હતી. જેને શોધવા માટે નગરપાલીકાની અને ફાયર વિભાગની ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જો કે ૨૨ કલાક બાદ અંબિકા નદીમાંથી મૃતદેહ મળ્યો છે. પોતાની વહાલસોયી દીકરી ગુમાવવાથી પિરવારજનો પર શોકની લાગણી છવાઈ ગઈ હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર, બીલીમોરામાં શુક્રવારે બાળકી ઘરે મોડે સુધી ન આવતા માતા-પિતા તેને શોધવા નીકળ્યો હતા. બાળકી ન મળતા સીસીટીવીની મદદ લેવામાં આવી હતી. ત્યારે સામે આવ્યું કે, બાળકી ખુલ્લી ગટરમાં પડી ગઈ છે. જેમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી બાળકી ગરકાવ થતી પણ નજરે ચડે છે

જો કે, આ ઘટના બાદ સ્થાનિક તંત્ર અને ફાયર વિભાગની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. અંતે ૨૨ કલાક બાદ અંબિકા નદીમાંથી બાળકીનો મૃતદેહ મળ્યો હતો. બાળકીનું નામ શાહીન શેખ જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના કહેવા પ્રમાણે ચોમાસામાં ખુલ્લી ગટર જો બંધ હોત તો બાળકી ગટરમાં ખાબકી ન હોત અને ઘટના ન બની હોત.



### સુરક્ષા બંદોબસ્ત માટે પોલીસે તૈયારીઓ શરૂ

## ૨૯ જૂનથી ૭ જુલાઈ સુધી પોલીસ કર્મીઓની રજાઓ પર પ્રતિબંધ

### આગામી સાતમી જૂનના રોજ રાજ્યમાં ઠેર ઠેર ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળવાની હોવાથી નિર્ણય લેવાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

આગામી સાતમી જૂનના રોજ રાજ્યમાં ઠેર ઠેર ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળવાની છે. ભગવાન ભક્તોને દર્શન આપવા નગરચર્ચાએ નીકળશે. ત્યારે સુરક્ષા બંદોબસ્ત માટે પોલીસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. દરવખતની જેમ આ વખતે પણ પોલીસે ટેકનોલોજીથી સર્વેલન્સ કરવાનું શરૂ કર્યું છે. આ રથયાત્રાને લઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં તે માટે આજથી સાત તારીખ સુધી તમામ પોલીસ કર્મીઓની રજાઓ રદ કરી નાંખવામાં આવી છે.



પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ સહિતના શહેરોમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવાની છે. અમદાવાદમાં આ વખતે ૧૪૭મી રથયાત્રા નીકળશે. ત્યારે સુરક્ષાના ભાગ રૂપે પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં અને શાંતિ પૂર્વક ભગવાનની યાત્રા પૂર્ણ થાય તે માટે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. રાજયના પોલીસવડા વિકાસ સહાયે એક યાદીમાં જણાવ્યું છે કે, રથયાત્રાને લઈને ૨૯ જૂનથી ૭ જુલાઈ સુધી પોલીસ કર્મીઓને બંદોબસ્તમાં મુકવાના હોવાથી તમામની રજાઓ પર પ્રતિબંધ મુકવામાં આવે છે. તે ઉપરાંત પોલીસ અધિકારીઓ રજા માંગે અને રજાનું કારણ યોગ્ય હોય તો જ તેમની રજા મંજૂર કરવાનો આદેશ કર્યો છે. શહેરમાં યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાની પોલીસ વિભાગ દ્વારા તમામ પ્રકારની સુરક્ષા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. તાજેતરમાં જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરથી સમગ્ર રથયાત્રાના રૂટ પર સેક્ટર એકના એડિશનલ સીપી નિરજ બડગુજરે અધિકારીઓ અને પોલીસકર્મીઓ સાથે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. શહેરમાં સાતમી જુલાઈના રોજ યાત્રા નીકળવાની છે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે એક મહિના પહેલાથી અમદાવાદ પોલીસ દ્વારા સમગ્ર રૂટ પર પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. રથયાત્રાને માટે એક્શન પ્લાન પણ તૈયાર કરાયો છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ વર્ષે એઆઈ ટેક્નિકલોજીથી સજ્જ ૩૬૦ ડિગ્રીવાળા એક કિલોમીટરથી વધુની રેન્જ સુધી સ્પષ્ટ જોઈ શકાય તેવા કેમેરા રથયાત્રા રૂટ પર સૌથી ચાર સેન્સેટિવ પોઈન્ટ પર લગાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

## નડિયાદના ચકલાસી ગામના ખેડૂતે પ્રાકૃતિક ખેતીથી રીંગણ અને ભીંડાનું વાવેતર કર્યુ

### છેલ્લા ૪ વર્ષથી દેશી ગાય આધારિત પદ્ધતિથી મિલેટ્સ અને શાખભાજીનું વાવેતર કરતા ચકલાસી ગામના ખેડૂત પ્રશાંતભાઈ પટેલ

। નડિયાદ, તા. ૨૯ ।

પ્રાકૃતિક ખેતીના લાભ વિશે આજે નાના-મોટા તમામ ખેડુતો જાગૃત થયા છે. ખેડા જિલ્લાના ૪૫ વર્ષીય ખેડૂત પ્રશાંતભાઈ પટેલ પરાંપરાગત ખેતીની સાથે સાથે છેલ્લા ૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. નડિયાદ તાલુકાના ચકલાસી ગામના ખેડૂત પ્રશાંતભાઈ ૪૫ વિધા જમીન ધરાવે છે. આ સીઝનમાં તેમણે ૬ વિધા જમીનમાં ભીંડા અને ૩ વિધા જમીનમાં રીંગણનું વાવેતર કર્યુ છે.

તેઓ પોતાના ફાર્મમાં ૧૫ જેટલી ગાય રાખે છે જેના છાણ અને મૂત્રનો સક્રિય રીતે ખેતીમાં ઉપયોગ કરે છે. પ્રશાંતભાઈએ તેમના ખેતરમાં જ જીવામૃત અને બાયોપેસ્ટીસાઈડ પ્લાન્ટ બનાવ્યો છે. પોતાની ગાયના મુત્ર અને છાણનો



ઉપયોગ કરી તેઓ બાયોપેસ્ટીસાઈડ પ્લાન્ટ થકી જીવામૃત બનાવે છે અને વાવેતરમાં સીધો જ છંટકાવ કરે છે. આ રીતે પ્રાકૃતિક ખેતીમાં ટેકનોલોજીની મદદ લઈ પ્રશાંતભાઈએ પોતાની ખેતી સુધારી છે અને જિલ્લાનાં અન્ય યુવા ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ થયા છે.

## અકલાચા, ભદ્રાસા, રાણીયાને જોડતા કાચા રસ્તા પર બિનઅધિકૃત ખનન અને વહનની ફરિયાદ અંગે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીની કચેરી દ્વારા તપાસ

। (માહિતી) મહીસાગર, તા.૨૯ ।

તાજેતરમાં મીડિયામાં પ્રકાશિત થયેલ અકલાચા, ભદ્રાસા, રાણીયાને જોડતો કાચો રસ્તો લીઝધારકશ્રીઓ દ્વારા ગ્રામજનો તથા લાગુ પંચાયતોની પરવાનગી વગર બનાવવામાં આવેલ હોવાના અહેવાલ અંગે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીની કચેરીની તપાસ ટીમ દ્વારા અકલાચા ગામના સંરપ ચશ્રી, ભદ્રાસા ગામના સંરપંચશ્રી તથા પંચોની હાજરીમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ કરતા પંચો તેમજ સરપંચશ્રીઓની હાજરીમાં જણાવ્યા મુજબ અકલાચા, ભદ્રાસા અને રાણીયાને જોડતો કાચો (પગદંડી) રસ્તો ગ્રામજનોના અવરજવર હેતુ ગ્રામજનોની અને પંચાયતના બોડીના સહમતતીથી અગાઉ એક વર્ષ પહેલા બનાવેલ છે. વધુ તપાસ કરતા ઉપરોક્ત બનેલ કાચો રસ્તો મહીસાગર નદી પટ્ટ કિનારે બનાવેલ હોવાથી પાણીનો વહેણ બદલાયેલ ગયો હોય તેમ પ્રાથમિક દ્રષ્ટીએ તપાસ કરતા જાણવા મળ્યું ન હતું. તેમજ ફરીયાદવાળી જગ્યાએ તથા આસપાસની જગ્યાએ તપાસ કરતા કોઈ પણ જાતનું બિનઅધિકૃત રીતે ખનન કે વહન થયેલ જોવા મળેલ ન હતું.

વધુમાં તપાસ કરતા કવોરીલીઝ ધારકશ્રી દ્વારા રોયલ્ટી પાસ મુજબ વાહનોનું અધિકૃત રીતે વહન કરવામાં આવેલ છે જે ચેકિંગ દરમ્યાન વાહનના રોયલ્ટી પાસની ખરાઈ પણ કરવામાં આવી હતી. જેથી આસપાસના કવોરી લીઝધારકશ્રી દ્વારા કોઈપણ જાતનું બિનઅધિકૃત ખનન/વહન/સંગ્રહ કરવા આવેલ હોય તેવુ તપાસ દરમિયાન જોવા મળ્યું ન હતું. ઉપરાંત ફરીયાદવાળી જગ્યાએ ભૂસ્તરશાસ્ત્રીની કચેરીની તપાસ ટીમ દ્વારા અવાર નવાર તપાસ કરવામાં આવશે, તેમ ભુસ્તરશાસ્ત્રીશ્રી નડિયાદ - ખેડા દ્વારા જણાવવામાં આવ્યું છે.

### એક યુવકે પાર્કિંગમાંથી કાર બહાર નીકાળતા સમયે બે બાળકો કાર નીચે આવી ગયા

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરતથી ફરી વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. પરબત પાટિયા વિસ્તારમાં આવેલી રોયલ રેસિડેન્સીના પટાંગણમાં બે માસૂમ બાળકો રમી રહ્યાં હતાં. આ દરમિયાન કાર ચાલકે પાર્કિંગમાંથી કારને બહાર કાઢી આગળ ચલાવવા જતો હતો. ત્યાં જ બન્ને બાળકો કારના બોનેટ નીચે આવી ગયાં હતાં. જો કે, સદનસીબે આ બાળકનો આબાદ બચાવ થયો હતો. મળતી માહિતી મુજબ પરબત પાટિયા વિસ્તારમાં રોયલ રેસીડેન્સીમાં બે બાળકો રમી રહ્યા હતા. આ દરમિયાન એક યુવક પાર્ક કરેલી પોતાની કાર લઈને જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ત્યારે સોસાયટીના પટાંગણમાં રમી રહેલા બે બાળકો નજરે ન ચડતા તેના પર કાર ચડાવી દીધી હતી.

### ૨૨ મે - વિશ્વ પ્રી-એક્લેમ્પસિયા જાગૃતિ દિવસ

## દેશભરમાં ૧ જુલાઈથી IPCની બદલે ત્રણ નવા કાયદાઓ અમલી બનશે

### ૧૮૬૦માં બ્રિટિશના સમયમાં ભારતીય દંડ સંહિતા IPC કાયદો હવે ભારતમાં નહીં ચાલે

। નવી દિલ્હી, તા.૨૯ ।

દેશભરમાં કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત ત્રણ નવા કાયદાઓ ૧ જૂલાઈ (સોમવાર) થી અમલમાં મુકાશે. ૧૮૬૦માં બ્રિટિશ યુગના ભારતીય દંડ સંહિતા (IPC), ભારતીય પુરાવા અધિનિયમ અને ક્રિમિનલ પ્રોસિજર કોડ (CRPC)ને બદલે ત્રણ નવા ફોજદારી કાયદાઓ સોમવારથી અમલમાં આવશે. ત્રણ નવા ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા ભારતીય નાગરિક સંરક્ષણ અને ભારતીય પુરાવા અધિનિયમ છે.

નિષ્ણાતોના મતે ત્રણ નવા કાયદા આતંકવાદ, મોબ લિંચિંગ અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકતા બનાવો જેવા ગુનાઓ માટે સજાને વધુ કડક બનાવશે. ભારતીય ન્યાયિક સંહિતામાં ૨૦ નવા ગુના ઉમેરવામાં આવ્યા છે, જ્યારે IPCમાં હાજર ૧૯ જોગવાઈઓ દૂર કરવામાં આવી છે.

આ ઉપરાંત ૩૩ ગુનામાં જેલની સજામાં વધારો કરવામાં આવ્યો છે. ૮૩ જોગવાઈઓમાં દંડની સજામાં વધારો કરવામાં આવ્યો છે, જ્યારે ૨૩ ગુનાઓમાં ફરજિયાત લઘુત્તમ સજાની જોગવાઈ કરવામાં આવી છે અને ૬ ગુનાઓમાં 'સમુદાય સેવા' શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

કોઈપણ ગુનામાં ૧૫ દિવસના પોલીસ રિમાન્ડ લેવાની જોગવાઈ છે અને ધરપકડના ૪૦ દિવસ કે ૬૦ દિવસ દરમિયાન ગમે ત્યારે લઈ શકાય છે. એક રીતે આ જોગવાઈ આ સમયગાળા દરમિયાન જામીનની જોગવાઈને અસર કરશે. નોંધનીય છે કે હાલની જોગવાઈ એવી છે કે ધરપકડના ૧૫ દિવસની અંદર જ રિમાન્ડ લઈ શકાય છે. ઉલ્લેખનીય છે કે ભારતીય ન્યાયિક સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ ૧ જુલાઈથી લાગુ થવા જઈ રહ્યા છે. ભારતીય ન્યાયિક સંહિતામાં ૩૫૭ કલમો છે. જૂના વસાહતી કાળની ઘણી પરિભાષાઓ દૂર કરવામાં આવી છે. ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા હેઠળ ઘણી કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. રાજદ્રોહને બદલે દેશ દ્રોહ, છેતરપિંડી કરનારાઓને '૪૨૦' નહીં ૩૧૬, હત્યાની કલમ ૩૦૨ નહીં ૧૦૨, હત્યાનો પ્રયાસ ૩૦૭ની જગ્યાએ ૧૦૯ કલમ તથા મારપીટની ધારા ૩૨૩ના બદલે ૧૧૫ કરી છે. ખાલી કલમના આંકડાઓમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અમુક કલમમાં સજાનો પ્રાવધાન વધાર્યો છે તો અમુકમાં ઓછું કર્યુ છે. કોઈપણ ગુનામાં ૧૫ દિવસના પોલીસ રિમાન્ડ લેવાની જોગવાઈ છે અને ધરપકડના ૪૦ દિવસ કે ૬૦ દિવસ દરમિયાન ગમે ત્યારે લઈ શકાય છે. એક રીતે આ જોગવાઈ આ સમયગાળા દરમિયાન જામીનની જોગવાઈને અસર કરશે. નોંધનીય છે કે હાલની જોગવાઈ એવી છે કે ધરપકડના ૧૫ દિવસની અંદર જ રિમાન્ડ લઈ શકાય છે. ઉલ્લેખનીય છે કે ભારતીય ન્યાયિક સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ ૧ જુલાઈથી લાગુ થવા જઈ રહ્યા છે. ભારતીય ન્યાયિક સંહિતામાં ૩૫૭ કલમો છે. જૂના વસાહતી કાળની ઘણી પરિભાષાઓ દૂર કરવામાં આવી છે. ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા હેઠળ ઘણી કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી છે.

૧ જુલાઈથી ત્રણ નવા ફોજદારી કાયદા દેશમાં લાગુ થવાના છે. પરંતુ તે પહેલા જ તેના પર પ્રતિબંધ મુકવાની માંગ ઉઠી છે. ત્રણ નવા ફોજદારી કાયદાના અમલના ત્રણ દિવસ પહેલા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. આ અંગે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. પીઆઈએલમાં ત્રણેય કાયદાના અમલ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. પિટિશનમાં એવી માગણી કરવામાં આવી છે કે ત્રણેય ફોજદારી કાયદાનો અમલ કરતા પહેલા નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવે. આ સમિતિ સમક્ષ વિગતવાર અભ્યાસ થવો જોઈએ.

ત્રણ દિવસ પહેલા જ અંજલિ પટેલ અને છાયા મિશ્રાએ આ માંગણી કરીને સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરી છે. કોંગ્રેસ પણ કંઈક આવી જ માંગ કરી રહી છે. કોંગ્રેસનું કહેવું છે કે ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણને મુલતવી રાખવું જોઈએ જેથી કરીને આ ત્રણ કાયદાઓની ગૃહ બાબતો પર સંસદની પુનઃરચિત સ્થાયી સમિતિ દ્વારા સંપૂર્ણ સમીક્ષા કરી શકાય.

'ઝીરો' FIR, પોલીસમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવવી, ઈલેક્ટ્રોનિક માધ્યમથી સમન્સ અને તમામ જઘન્ય ગુનાઓના ગુનાના દ્રશ્યોની ફરજિયાત વિડિયોગ્રાફી એ ત્રણ નવા ફોજદારી કાયદાના મુખ્ય મુદ્દા છે, જે ૧ જુલાઈથી અમલમાં આવશે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ અને ભારતીય પુરાવા અધિનિયમ ૨૦૨૩ એ ભારતીય નાગરિકોને સશક્તિકરણ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને તેનો હેતુ બધા માટે વધુ સુલભ, મદદરૂપ અને અસરકારક ન્યાય વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો છે.









માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨